# તોરણ ૪

## ગુજરાતી શિક્ષક માર્ગદર્શિકા

ડૉ. સેજલકુમાર નાયક
એમ.એ., પીએચ.ડી.

Harbour Press
INTERNATIONAL

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રાર્થના (કાવ્ય) | ૦૩ |
| ૨. | ટોપીની ભેટ | ૦૭ |
| ૩. | સ્માઈલ પ્લીઝ | ૧૧ |
| ૪. | ચૉકલેટની દુનિયા | ૧૫ |
| ૫. | વર્ષારાણી (કાવ્ય) | ૧૯ |
| ૬. | ઢબુની સૅન્ડ્વિચ અને ફ્રુટપંચ | ૨૩ |
| ૭. | અંબાજી | ૨૭ |
| ૮. | ઈન્દ્રધનુષ (કાવ્ય) | ૩૧ |
| ૯. | ગુજરાતી અંકો (૫૧ થી ૮૦) | ૩૪ |
| ૧૦. | ઈકો ફ્રેન્ડલી દિવાળી | ૩૫ |
| ૧૧. | નિસર્ગભાઈ | ૩૯ |
| ૧૨. | ફૂલોનો ફૅશન શો (કાવ્ય) | ૪૩ |
| ૧૩. | ચાલો, આંબાવાડીની સફરે | ૪૭ |
| ૧૪. | તુલસી (કાવ્ય) | ૫૧ |
| ૧૫. | કમ્પ્યૂટર (કાવ્ય) | ૫૪ |

# ૧ પ્રાર્થના

## કાવ્યની રૂપરેખા

**પ્રાર્થના**

↓

**પ્રભુ સાથેની વાતચીત**

- (૧) સવાર થતાં પંખીઓ અને મનુષ્ય પ્રભુનું ધ્યાન ધરે છે.
- (૨) પ્રભુ સૃષ્ટિના દરેક જીવમાં વસે છે.
- (૩) પ્રભુનો સાથ સવાર-સાંજ રાત-દિવસ રક્ષણહારની જેમ મળે છે.
- (૪) પ્રભુએ આ સુંદર સૃષ્ટિ બનાવી છે, જેના આધાર પર દુનિયાના દરેક લોકો છે.
- (૫) પ્રભુ દરેક વ્યક્તિમાં છે. પ્રભુ સહુના છે. સહુ પ્રભુના છે. પ્રભુને વંદન કરીએ.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) નવા શબ્દનો પરિચય કરાવવો.
૨) સમૂહકાર્યની યોગ્યતાનો વિકાસ કરવો.
૩) પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવવું.
૪) પ્રાર્થનાથી મળતી શાંતિનું મહત્ત્વ સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) પ્રાર્થના ગીતનો પરિચય કરાવવો.
૨) પ્રાર્થના ગાનની રૂચિ જાગૃત કરવી.
૩) જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવો.
૪) જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અડગ રાખવી તે વિશે સમજણ આપવી.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને શાળામાં પ્રાર્થના ખંડમાં ગવાતી પ્રાર્થના વિશે ચર્ચા કરશે. તેના આધારે અજ્ઞાનથી જ્ઞાન તરફ વિદ્યાર્થીઓને લઈ જશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓ Youtube પર ''મારા પ્રભુજી નાના છે'' ગીત સંભળાવી પ્રભુજીનો પરિચય કરાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ (Teaching Methodology)

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ત્રણ જુદી જુદી ભાષામાં ''ત્રણથી ચાર'' લાઈનની પ્રાર્થના સંભળાવશે. તે વિશે ચર્ચા કરશે.

હિંદી - ''વંદના કરતે હે હમ, હૃદય કો તેરે સામને રખકર.''

અંગ્રેજી - "Dear God, Help me spend today with a smile on my face...."

ગુજરાતી - ''મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.''

૨)	શિક્ષક ચર્ચાના આધારે વિદ્યાર્થીઓ સાથે પ્રાર્થના કાવ્યની પણ ચર્ચા કરશે.
**ઉ.દા.** ૧) કાવ્યમાં પંખીઓ પરોઢિયે કોનું ગીત ગાય છે?	૨) પ્રભુ ક્યાં ક્યાં વસે છે?
૩) પ્રભુ ક્યાંથી હસે છે?
આ રીતે પ્રશ્નોના ઉત્તર ચર્ચા કરી તેની સમજણ આપશે.
૩)	શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછશે તેના આધારે કાવ્ય સમજાવશે.
૪)	અંતે શિક્ષિકા વર્ગને ચાર સમૂહમાં વિભાજિત કરશે અને તેના આધારે કાવ્યનું ગાન કરાવશે.
૫)	શિક્ષિકા મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧)	ઉચ્ચારણની ખામીઓનું નિવારણ	૨)	ઉત્તમ ચર્ચાની પ્રશંસા
૩)	ખામીઓમાં સૂચના અને સુધારો કરવો.

## મુલ્યાંકનના આધાર બિંદુ

૧)	ચર્ચાની રજૂઆતમાં આત્મવિશ્વાસ	૨)	ઉચ્ચારણની શુદ્ધતા અને સ્પષ્ટતા
૩)	યોગ્ય ભાષામાં રજૂઆત કરવી.

## સામાન્ય ખામીઓ

૧)	કાવ્યગાનમાં ખામીઓ ઉદ્‌ભવી.	૨)	માત્રાની ઓળખમાં ભૂલ કરવી.

## સમસ્યા નિવારણ

૧)	કાવ્યનું ગાન કલાકની શરૂઆતમાં એક અઠવાડિયું દરરોજ પાંચવાર કરાવવું.
૨)	વિદ્યાર્થીઓને યોગ્ય માત્રાની સમજણ આપી સમસ્યાનું નિવારણ કરવું.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧)	આ પ્રાર્થનાને જીવનના દરેક તબક્કાઓ સાથે સાંકળી લેવી જોઈએ અને તેની સમજણ વિદ્યાર્થીઓને આપવી જોઈએ.

## પ્રવૃત્તિ

વિદ્યાર્થીઓ ''પ્રાર્થના'' ના જુદા જુદા પાંચ નામ જુદી જુદી ભાષામાં શોધીને લખશે.

## રચનાત્મક અભિગમ – વિદ્યાર્થીઓની ક્ષમતા આધારિત

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧)	પ્રાર્થના એટલે શું?	૨)	તમે રોજ સવારે કઈ કઈ પ્રાર્થના કરો છો?

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧)	પ્રાર્થનાના ફાયદા વિશે પાંચ વાક્ય લખો.	૨)	કાવ્યમાં વપરાયેલી સંજ્ઞા શોધીને લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧)	''જો હું પ્રભુ હોઉં તો'' એ વિશે છ થી સાત વાક્ય લખો.
૨)	કોઈ પણ એક ભાષામાં ગવાતી પ્રાર્થનાને લખો.

## ગૃહકાર્ય

૧) તમારા મિત્રની શાળામાં ગવાતી પ્રાર્થના વિશે પૂછો. તે પ્રાર્થના તમારી નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧


**પ્ર.૧ નીચેના સમાનાર્થી શબ્દો લખો.**

૧) સૂરજ ૨) ધરતી ૩) ગીત ૪) પંખી ૫) સમુદ્ર ૬) નમન

**શિક્ષકની સંગાથે**

**પ્ર.૨ નીચેના લોકો ક્યાં ધાર્મિક સ્થળે પ્રાર્થના કરવા જાય છે. તે ચિત્રમાં જોઈને જવાબ લખો.**

૧) હિંદુ -
૨) મુસલમાન -
૩) શીખ -
૪) ખ્રિસ્તી -
૫) પારસી -
૬) જૈન -



## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો**

૧) પ્રાર્થના ૨) દુનિયા ૩) નીંદર ૪) પંખી ૫) ગીત

**પ્ર.૨ આપેલા શબ્દનો ઉપયોગ કરી 'સૂરજ' વિશે વાક્યલેખન કરો.**

૧) પૂર્વ દિશા, પશ્ચિમ દિશા, કુદરતી તત્ત્વ, તારો, પ્રકાશ.

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) પરોઢિયે પંખી જાગીને પ્રભુનું ગાન કરે છે.
૨) પ્રભુનું ધ્યાન લોકો મંદિર, મસ્જિદમાં ધરે છે.
૩) કાવ્યમાં ભગવાન ધરતીમાં, નભમાં અને સાગરમાં વસે છે.
૪) કાવ્યમાં દેવને સૌનો રક્ષણહાર ગણાવ્યો છે.
૫) સમગ્ર સૃષ્ટિ દેવે બનાવી છે.

**જ.૨ આપેલા શબ્દના સમાનાર્થી શબ્દ કોઠામાંથી શોધીને લખો.**

૧) પ્રભાત ૨) ઊંઘ ૩) પુષ્પ ૪) શશી ૫) હંમેશાં ૬) સાગર

**જ.૩ નીચેનામાંથી ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.**

૧) રક્ષણહાર ૨) તારણહાર ૩) મદદગાર ૪) સાથીદાર ૫) પાલનહાર

**જ.૪ કાવ્યપંક્તિની ખાલી જગ્યા પૂરો.**

૧) પરોઢિયે મંદિર <u>મસ્જિદમાં</u> ધરતાં લોકો તારું ધ્યાન! ૨) નમીએ <u>તુજને</u> વારંવાર.

**જ.૫ કહો કોણ બોલે છે ?**

૧) ખ્રિસ્તી ૨) મુસલમાન ૩) હિંદુ ૪) શીખ ૫) જૈન

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧) રવિ ૨) ધરા ૩) ગાન ૪) ખગ ૫) સાગર ૬) વંદન

**જ.૨ ધાર્મિક સ્થળો**

૧) મંદિર ૨) મસ્જિદ ૩) ગુરુદ્વારા ૪) ચર્ચ
૫) અગિયારી ૬) દેરાસર

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ વાક્ય બનાવો.**

વિદ્યાર્થીઓ સ્વભાષામાં જવાબ લખશે.

**જ.૨ 'સૂરજ'**

૧) સૂરજ એક કુદરતી તત્ત્વ છે.
૨) સૂરજ એક તારો છે. તે ધગધગતા વાયુનો ગોળો છે.
૩) સૂરજ પૂર્વ દિશામાં ઊગે છે.
૪) સૂરજ પશ્ચિમ દિશામાં આથમે છે.
૫) સૂરજ આપણને ગરમી અને પ્રકાશ આપે છે.

# ૨ ટોપીની ભેટ

## પાઠની રૂપરેખા

**ટોપીની ભેટ**

(૧) દિલ્હી શહેરમાં બહુરૂપીનું આવવું અને જુદા જુદા વેશ ધારણ કરવા.

(૨) અકબરનું તેની સેના સાથે બહુરૂપીનો ખેલ જોવા માટે આવવું.

(૩) બહુરૂપીની ખેલ બતાવવાની કળાથી બધા પ્રેક્ષકોના દિલ જીતી લેવા.

(૪) એક છોકરા દ્વારા પથ્થર ફેંકવો અને પછી ભેટમાં ટોપી આપવી કારણકે કલાકાર તેની પરીક્ષામાં પાસ થયો.

(૫) રાજા દ્વારા પથ્થર મારવા વિશે પૂછવું. કલાકારની પરીક્ષા વિશેની વાત કરવી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) નવા શબ્દોનો પરિચય મેળવશે.
૨) બુદ્ધિનો સદ્ઉપયોગ કરતાં શીખશે.
૩) કળાની કદર કરતાં શીખશે.
૪) પ્રાણીઓ પ્રત્યે પ્રેમ વિકસાવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) ભાષાકીય ક્ષમતાનો વિકાસ થશે.
૨) ઉચ્ચારણ ક્ષમતાનો વિકાસ થશે.
૩) કથન, લેખન, શ્રવણ અને વાંચન શૈલીનો વિકાસ થશે.
૪) વિવિધ કળાની સમજણ મેળવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ''અકબરના ત્રણ પ્રશ્નો'' વાર્તા કહીને અજ્ઞાન થી જ્ઞાન તરફ લઈ જશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને ''ચતુર બીરબલ'' વાર્તા Youtube પર બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ચાર જુદાં જુદાં સમૂહમાં વહેચીને વિભાજિત કરશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને પાઠની રજૂઆતની સમજણ આપશે.
૩) શિક્ષક વિદ્યાર્થીઓ સામે પાઠને નાટ્યસ્વરૂપે રજૂઆત કરાવશે.
૪) શિક્ષક વિદ્યાર્થીઓને નાટ્યની રજૂઆત માટે એક કલાક આપશે.
૫) વિદ્યાર્થીઓ નાટ્ય માટે જરૂરી તૈયારી કરશે. તેના આધારે પાઠની રજૂઆત કરશે.
૬) શિક્ષક વિદ્યાર્થીઓના સ્વઅધ્યયન પર ભાર મૂકશે. જરૂર પડે ત્યાં મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ

૧) સંવાદ બોલવામાં સમસ્યા ઉદ્ભવી.
૨) ઉત્તમ રજૂઆતની પ્રશંસા કરવી.

૩)　સૂચના અને સુધારો કરવો.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧)　સંવાદની શુદ્ધતા અને સ્પષ્ટતા　　૨)　હાવભાવ અને ઉચ્ચારણ

## સામાન્ય ત્રૂટીઓ

૧)　સંવાદની શુદ્ધતા અને સ્પષ્ટતા　　૨)　હાવભાવ અને ઉચ્ચારણ

## સમસ્યા નિવારણ

૧)　નવા શબ્દનું પુનઃ ઉચ્ચારણ શિક્ષક કરાવશે. (પાંચથી સાત મિનિટ માટે)

૨)　સંવાદના યોગ્ય ઉચ્ચારણ પર ભાર મૂકવો.

## અંતઃ વિષય દ્દષ્ટિકોણ

૧)　આ પાઠના આધારે શિક્ષક વિદ્યાર્થીઓને જીવનના દરેક તબક્કામાં બુદ્ધિનો ઉપયોગ યોગ્ય રીતે કરવો તેની સમજણ આપશે.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧)　બહુરૂપી કોને કહેવાય છે?　　૨)　બહુરૂપી કયા કયા ખેલ બતાવતો હશે? તેની યાદી બનાવો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧)　કળા એટલે શું ? તમને કઈ કળા ગમે છે?

૨)　'જો હું કલાકાર હોઉં તો' વિશે તમારા શબ્દમાં પાંચ થી સાત વાક્ય લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧)　'જો હું બીરબલ હોઉં તો' વિશે તમારા શબ્દમાં પાંચ થી સાત વાક્ય લખો.

૨)　આ વાર્તાને તમારા શબ્દમાં લખો.

## ગૃહકાર્ય

૧)　તમારા દાદા/દાદી પાસેથી પંચતંત્રની કોઈપણ એક વાર્તા સાંભળો અને તે વિશે ચર્ચા કરો.

## કાર્ય-પત્રિકા-૧

**શબ્દસમૂહ માટે એક શબ્દ કોઠામાંથી શોધીને લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ક | લો | ર | નુ | સૈ |
| આ | ડ | સા | લ | દા |
| બે | વું | લો | પુ | કા |
| હૂ | જી | ક્ય | છે | ત |
| બ | હુ | રૂ | પી | શે |
| વ | ર્ચા | બ્દ | વિ | મે |
| ત | વો | ઈ | ના | મ |
| જ | ર્હા | પ | ના | હ |
| દી | યા | શે | ખો | ભ |

૧) સૈનિકોનો કાફલો - ...........

૨) જુદા જુદા વેશ ધારણ કરનાર કલાકાર - ...........

૩) અસલ તેના જેવું જ - ...........

૪) કદર રૂપે આપવામાં આવતો પુરસ્કાર - ...........

૫) પ્રજાનો તારણહાર - ...........

**પ્ર.૨ સાચી જોડણી લખો.**

૧) બહુરૂપી બહુરુપિ

૨) પુરસકાર પુરસ્કાર

૩) દીલ્હી દીલહી

૪) પરીક્ષા પરિષા

૫) કુતૂહલ કૂતુહલ

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) બહુરૂપી ૨) પ્રદર્શન ૩) નમ્રતા ૪) પરીક્ષા ૫) કલાકાર

**પ્ર.૨ બારાક્ષરીનો ઉપયોગ કરી શબ્દ બનાવો.**

૧) તા ૨) પા ૩) બા ૪) કા ૫) આ

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) દિલ્હી શહેરમાં બહુરૂપી આવ્યો હતો.

૨) બહુરૂપીએ છેલ્લે બળદનો વેશ ધારણ કર્યો હતો.

૩) બહુરૂપી પ્રાણીઓના વેશ ધારણ કરતો હતો.

૪) છોકરાએ બહુરૂપીની પરીક્ષા લેવા માટે પથ્થર નાખીને બહુરૂપીની આવડત પારખવાની રીત અજમાવી હતી.

૫) પાઠમાં તે છોકરો પછીથી બીરબલ તરીકે પ્રસિદ્ધ થયો.

**જ.૨ યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

૧) દિલ્હી ૨) રસાલો ૩) ટોપી ૪) પાત્રની કલા મુજબ પ્રદર્શન આબેહૂબ કરે.

**જ.૩ સમાનાર્થી શબ્દ 'ટોપી'માંથી શોધીને લખો.**

૧) ખુશ ૨) કસોટી ૩) કાફલો ૪) બાદશાહ ૫) અસલ તેના જેવુ જ

**જ.૪ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) સુખી ૨) નાનો ૩) પ્રસિદ્ધ ૪) સાચું

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ શબ્દસમૂહ માટે એક શબ્દ કોઠામાંથી શોધીને લખો.**

૧) રસાલો ૨) બહુરૂપી ૩) આબેહૂબ ૪) ઈનામ ૫) જહાઁપનાહ

**જ.૨ સાચી જોડણી.**

૧) બહુરૂપી ૨) પુરસ્કાર ૩) દિલ્હી ૪) પરીક્ષા ૫) કુતૂહલ

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) બહુરૂપી અલગ અલગ રુપ ધારણ કરીને ખેલ બતાવે છે.
૨) આજે શાળામાં વિજ્ઞાન પ્રદર્શન હતું.
૩) આપણે સૌની સાથે નમ્રતાથી વાત કરવી જોઈએ.
૪) પરીક્ષા માટે આપણે મહેનત કરવી જોઈએ.
૫) કલાકાર કલાનુ પ્રદર્શન કરે છે.

**જ.૨ બારાક્ષરીનો ઉપયોગ કરી શબ્દ બનાવો.**

| | | |
|---|---|---|
| ૧) | તાવ | તાસ |
| ૨) | પાણી | પારસી |
| ૩) | બારી | બાવીસ |
| ૪) | કાકા | કાગળ |
| ૫) | આગગાડી | આરામ |

# ૩ સ્માઈલ પ્લીઝ

## પાઠની રૂપરેખા

સ્માઈલ પ્લીઝ
↓
કૃપા કરીને હસો

(૧) હાસ્ય એ મનુષ્યને મળેલી સૌથી શ્રેષ્ઠ લાગણી છે.

(૨) હાસ્યના ફાયદા : ૧) લોહીનું દબાણ ઓછું થાય. ૨) હૃદય મજબૂત બને. ૩) શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. ૪) સ્નાયુઓ મજબૂત બને છે.

(૩) લોકો એકબીજા સાથે હાસ્ય દ્વારા જોડાયેલા રહે છે. બધાએ દિવસમાં બે થી ત્રણ વખત મન મૂકીને હસવું જોઈએ.

(૪) જીવનમાં આવતી ગમે તેવી મુશ્કેલીઓનો સામનો હંમેશાં હસીને કરવો જોઈએ.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ રમૂજનું જીવનમાં મહત્ત્વ સમજશે. ૨) વિદ્યાર્થીઓ હાસ્યના ફાયદાને સમજશે.
૩) વિદ્યાર્થીઓ 'હસે તેનું ઘર વસે' એ કહેવતને પાઠના આધારે સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પોતાના વિચારો સ્વભાષામાં રજૂઆત કરતાં શીખશે.
૨) વિદ્યાર્થીઓની ભાષાકિય ક્ષમતાનો વિકાસ કરવો.
૩) યોગ્ય ઉચ્ચારણ ક્ષમતાનો વિકાસ કરવો.
૪) કથન, વાંચન, લેખન અને શ્રવણ શૈલીનો વિકાસ કરવો.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને Youtube પર હાસ્યના ફાયદા વિશેનો વીડિયો બતાવશે તેનાં આધારે પાઠની સમજૂતી આપશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષિકા વર્ગમાં 'હાસ્યકલબ'નું આયોજન કરશે.
૨) વિદ્યાર્થીઓને 'હાસ્યકલબ' માં અલગ-અલગ રીતે હાસ્ય કરાવશે.
૩) 'હાસ્યકલબ'નાં અંતે દરેક વિદ્યાર્થીઓને 'હાસ્ય કલબ'માં કેવો અનુભવ થયો તે વિશે લખવા કહેશે.
૪) વિદ્યાર્થીઓના લેખનના આધારે પાઠના મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરશે. જેના આધારે વિદ્યાર્થીઓ પાઠની સમજણ મેળવશે.
૫) આમ વિદ્યાર્થીઓ સ્વઅધ્યયનની મદદથી પાઠની સમજૂતી મેળવશે.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) હાસ્યકલબમાં સહભાગ ૨) મુદ્દાની રજૂઆત ૩) ઉચ્ચારણ શુદ્ધતા

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ હાસ્ય ૨) ઉત્તમ ચર્ચાની પ્રશંસા ૩) ખામીઓમાં સૂચના અને સુધારો કરવો.

## સામાન્ય ખામીઓ

૧) વાંચનમાં ખામીઓ રહેવી. ૨) માત્રાની સમજણમાં ભૂલ કરવી.

## સમસ્યા નિવારણ

૧) વર્ગમાં શરૂઆતની પાંચ મિનિટ રોલ નંબર આધારિત દરરોજ વાંચન કરાવવું.
૨) માત્રાની ઓળખવાળા શબ્દો વર્ગમાં લગાવી (શબ્દદીવાલ - Wordwall) વિદ્યાર્થીઓના સ્વવાંચન પર ભાર મૂકવો.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠમાં વિજ્ઞાન સંબંધિત માહિતીઓ ભેગી કરીને વધુ સમજણ આપી શકાશે.

## પ્રવૃત્તિ

૧) હાસ્ય સંબંધિત અલગ અલગ રમૂજી ચહેરાઓ બનાવો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) તમને ક્યારે ક્યારે હાસ્ય આવે છે? તે લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) હાસ્ય કલબથી કયા ફાયદા થાય છે? તે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) ‘‘હાસ્ય, સૌથી શ્રેષ્ઠ લાગણી’’ આ વિશે તમારો વિચાર લખો.
૨) ‘‘જો હું હાસ્ય કલબનો નેતા હોઉ તો’’ તે વિશે લખો.

## ગૃહકાર્ય

૧) ગુજરાતી સમાચાર પત્રમાંથી જુદા જુદા રમૂજી ટચૂકડાઓ શોધીને તમારી નોંધપોથીમાં લગાવો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) લાગણી ૨) હાસ્ય ૩) શ્રેષ્ઠ ૪) લોહી ૫) શરીર

**પ્ર.૨ સાચી જોડણી લખો.**

૧) ગલિપચિ
૨) શકતિ
૩) સનાયુ
૪) પાણ્રુ
૫) વાયૂ

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ 'હાસ્ય' વિશે પાંચ વાક્ય લખો.**

**પ્ર.૨ મૂળાક્ષરની મદદથી ત્રણ ત્રણ શબ્દ બનાવો.**

૧) મ ૨) ચ ૩) ફ ૪) લ ૫) વ

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) મનુષ્યને મળેલી સૌથી શ્રેષ્ઠ લાગણી હાસ્ય છે.
૨) મુક્ત મને હસવાથી શરીરમાંથી લોહીનું દબાણ ઓછું થાય છે. માનસિક તાણ ઘટે છે. લોહીમાં પ્રાણવાયુનું પ્રમાણ વધે છે. હૃદય મજબૂત બને છે.
૩) હાસ્ય દ્વારા લોકો એકબીજા સાથે જોડાય છે. અને તેમની વચ્ચેના સંબંધ મજબૂત બને છે.
૪) હાસ્ય સંબંધિત 'હસે તેનું ઘર વસે' એ કહેવત ખૂબ પ્રચલિત છે.
૫) ૧) હસવાથી આપણું મન પ્રફુલ્લિત રહે છે.
૨) હસવાથી આપણી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

**જ.૨ ખાલી જગ્યા પૂરો.**

૧) હાસ્યથી હૃદય મજબૂત બને છે. ૨) હસે તેનું ઘર વસે.
૩) આપણે સદાય હસતા રહેવું જોઈએ. ૪) હાસ્યથી લોહીમાં પ્રાણવાયુનું પ્રમાણ વધે છે.

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) હાસ્ય ૨) ઉત્તમ ૩) માનવ ૪) તન ૫) હૈયું
૬) પગ ૭) ગૃહ ૮) ઑક્સિજન ૯) રક્ત

**જ.૪ વિરોધી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) હાસ્ય ૨) ફાયદા ૩) મોટા ૪) શક્તિ ૫) મુશ્કેલ

**જ.૫ સાચી જોડણી શોધીને લખો.**

૧) હાસ્ય ૨) શ્રેષ્ઠ ૩) યાદશક્તિ ૪) ગલીપચી ૫) શરીર

**સર્વનામ**

**આ શબ્દ વાપર્યા છે :** અમે, અમને, તમારે, તેને. તે, અમે

## કાર્ય પત્રિકા જવાબ - ૧

**જ.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) લાગણી - મનુષ્ય લાગણીશીલ સ્વભાવવાળો હોય છે.
૨) હાસ્ય - હાસ્ય જીવન માટે ખૂબ જરૂરી છે.
૩) શ્રેષ્ઠ - વિજ્ઞાન પ્રદર્શન શ્રેષ્ઠ હતું
૪) લોહી - આપણા શરીર માટે લોહી ખૂબ જરૂરી છે.
૫) શરીર - આપણા શરીરની કાળજી રાખવી જરૂરી છે.

**જ.૨ સાચી જોડણી લખો.**

૧) ગલીપચી ૨) શક્તિ ૩) સ્નાયુ ૪) પ્રાણ ૫) વાયુ

## કાર્ય-પત્રિકાના જવાબ - ૨

**જ.૧ 'હાસ્ય' વિશે પાંચ વાક્ય લખો.**

૧) હાસ્ય એ મનુષ્યની શ્રેષ્ઠ લાગણી છે.
૨) મુક્ત મને હસવું ખૂબ જરૂરી છે.
૩) હાસ્ય દ્વારા શરીરમાં લોહીનું પ્રમાણ એકસરખું રહે છે.
૪) હાસ્યથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધે છે.
૫) હાસ્ય એ કુદરત તરફથી મળેલી સસ્તામાં સસ્તી દેન છે.

**જ.૨ મૂળાક્ષરની મદદથી ત્રણ ત્રણ શબ્દ બનાવો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | મ - | મન | મગજ | મરણ |
| ૨) | ચ - | ચમન | ચમચમ | ચરસ |
| ૩) | ફ - | ફણસ | ફલક | ફરસ |
| ૪) | લ - | લસણ | લખ | લગન |
| ૫) | વ - | વડ | વજન | વમળ |

# ૪ ચૉકલેટની દુનિયા

## પાઠની રૂપરેખા

**ચૉકલેટની દુનિયા**

(૧) સામાન્ય જ્ઞાન કલબમાં ચૉકલેટ વિષય પર ચર્ચા કરવી.

(૨) (ક) ચૉકલેટનું મૂળવતન - દક્ષિણ અમેરિકા (ખ) કોકોનું વૃક્ષ - ફળમાંથી કોકો પાવડર બને.

**પીપરમીટનું વિશ્વ**

(૩) કોકોના બીજને આથો લાવી સૂકવી તેમાંથી પાઉડર બને છે.

(૪) જૂના જમાનામાં નાણાની જગ્યાએ કોકોના બીજની લેવડદેવડ કરવી.

(૫) ચૉકલેટ બારનું સ્વિત્ઝેરલૅન્ડમાં નિર્માણ થવું.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ચૉકલેટના ભવ્ય ઈતિહાસની માહિતી મેળવશે.
૨) વિદ્યાર્થીઓ ચૉકલેટના પ્રકારનો પરિચય મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) ભાષાકિય ક્ષમતાનો વિકાસ થશે. ૨) વિદ્યાર્થીઓ માહિતી એકત્રીકરણ કરતા શીખશે.
૩) વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન, શ્રવણ અને કથન શૈલીનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ચૉકલેટના ઈતિહાસ વિશેનો વીડિયો Youtube પર બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષિકા વિદ્યાર્થીઓને 'માહિતી એકત્રીકરણ' પદ્ધતિનો ઉપયોગ કરી ચૉકલેટ વિશે માહિતી ભેગી કરાવશે.

## માહિતી એકત્રીકરણ પદ્ધતિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા સમૂહમાં વિભાજિત કરશે. વિદ્યાર્થીઓને ચૉકલેટ વિશે અલગ-અલગ માહિતી ભેગી કરીને બે દિવસમાં લાવવા કહેશે.
૨) ભેગી કરેલી માહિતી દરેક સમૂહમાંથી એક વિદ્યાર્થી આવીને રજૂઆત કરશે.
૩) રજૂઆતના મહત્ત્વના મુદ્દા એક વિદ્યાર્થી કાગળ પર લખશે.
૪) આ રીતે પાઠની રજૂઆત વિદ્યાર્થીઓ સ્વઅધ્યયનની મદદથી કરશે. જરૂર પડે ત્યારે શિક્ષક મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ માહિતી એકત્રીકરણની પ્રશંસા
૨) ખામીઓમાં સૂચના આપવી.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ
૨) ઉચ્ચારણની શુદ્ધતા અને સ્પષ્ટતા
૩) યોગ્ય વાક્યરચનાની રજૂઆત

## સામાન્ય ખામીઓ

૧) ઉચ્ચારણ ખામીઓ
૨) વાકયરચનાની ગોઠવણ

## સમસ્યા નિવારણ

૧) વિદ્યાર્થીઓને સતત કઠિન શબ્દનું ઉચ્ચારણ કરાવવું.
૨) સતત નવા શબ્દની મદદથી વાક્ય બનાવવાનો પ્રયાસ કરાવવો.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠને વિજ્ઞાન વિષય, ઈતિહાસ વિષય, ભૂગોળ વિષય અને ભાષાઓને આવરીને વધુ સમજણ આપી શકાશે.

## પ્રવૃત્તિ

૧) કોઈપણ પાંચ દેશી ચૉકલેટના નામ લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) તમને ભાવતી ચાર ચૉકલેટના નામ લખો.
૨) તમે સૌથી પહેલી ચૉકલેટ ક્યાં અને ક્યારે ખાધી હતી?

## મધ્ય વિદ્યાર્થીઓ

૧) ચૉકલેટ માટે નાનું ગીત બનાવો.
૨) 'જો હું ચૉકલેટ હોઉ તો' તે વિશે તમારા શબ્દમાં લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) ચૉકલેટના મૂળ વતન વિશે માહિતી ભેગી કરો.
૨) ભારતમાં બનતી ચૉકલેટના નામ લખો.

## ગૃહકાર્ય

૧) તમારા ઘરના સભ્યને ભાવતી ચૉકલેટની યાદી બનાવો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેના શબ્દોના વિરોધી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) શોક ૨) શરૂઆત ૩) નવા ૪) જવાબ ૫) છેલ્લો

**પ્ર.૨ પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં લખો.**

૧) ચૉકલેટ બારનું નિર્માણ સૌ પ્રથમ ક્યાં થયું હતું?

૨) પ્રોજેક્ટર પર શિક્ષકે કયું વૃક્ષ બતાવ્યું?

૩) કોકાના ફળમાંથી કેવા બીજ નીકળે છે?

૪) ચૉકલેટ બનાવવા માટે કોકો પાવડરમાં કઈ કઈ વસ્તુઓ ભેળવવામાં આવે છે?

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ શબ્દ નિર્માણ કરો.**

શબ્દના અંતના મૂળાક્ષરને લઈને શબ્દગાડી બનાવો.

ઉ.દા.

૧) થડ ડર રમ મગર રમત

૨) જમરૂખ ૩) સફેદ ૪) ચકલી ૫) પતંગ

**પ્ર.૨ ચૉકલેટ વિશે તમારા શબ્દમાં લખો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) સામાન્ય જ્ઞાન ક્લબની ચર્ચાનો વિષય ચૉકલેટનો ઈતિહાસ હતો.

૨) ચૉકલેટનું મૂળ વતન મધ્ય અમેરિકા છે.

૩) ચૉકલેટ બનાવવા માટે કોકોમાં દૂધ, ખાંડ, માખણ, ફળો અને સૂકા મેવા જેવી વિવિધ વસ્તુઓ ભેળવવામાં આવે છે.

૪) ચૉકલેટ પીણું બનાવવાની રીત ૧૦૦ વર્ષ સુધી ખાનગી રહી હતી.

૫) કોકોના ફળનાં બીમાંથી કોકો પાઉડર બનાવવામાં આવે છે. આ બીજને આથો લાવી સૂકવી તેમાંથી પાઉડર બનાવવામાં આવે છે. આ પાઉડર એટલે કોકો પાઉડર.

**જ.૨ ખાલી જગ્યા પૂરો.**

૧) કોકોના ફળમાંથી બદામના કદના બીજ નીકળે છે.

૨) બ્રાઝિલના લોકો નાણાની જગ્યાએ કોકોના બીજ વાપરતા.

૩) સ્પેનના લોકોએ ચૉકલેટ પીણું બનાવવાની રીત લગભગ ૧૦૦ વર્ષ સુધી ખાનગી રાખી હતી.

૪) ઈ.સ. ૧૮૧૯ માં ચૉકલેટ બારનું નિર્માણ સ્વિટ્ઝરલૅન્ડમાં થયું હતું.

**જ.૩ નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) હર્ષ ૨) ઉત્સુકતા ૩) ગુરુજી ૪) ઝાડ ૫) સમાપ્ત

**જ.૪ નીચેના વિષય પર એકાદ બે વાક્યો તમારા શબ્દોમાં લખો.**

૧) મને ચૉકલેટ ખૂબ ભાવે છે પણ ચૉકલેટ ખાતી વખતે હું મારા દાંતની પણ કાળજી રાખું છું.

૨) ઈતિહાસમાં ઘણા મહાન નેતા થઈ ગયા છે જેવા કે મહાત્મા ગાંધી, સરદાર પટેલ વગેરે.

૩) મને પરીક્ષામાં સારા ગુણ મળવાથી ખૂબ આનંદ થયો.

(બ) **ઉદાહરણ મુજબ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | ઈતિહાસકાર | ૨) | કલાકાર | ૩) | મૂર્તિકાર |
| ૪) | હાસ્યકાર | ૫) | શિલ્પકાર | ૬) | નાટ્યકાર |

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચેના શબ્દોના વિરોધી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) આનંદ ૨) અંત ૩) જૂના ૪) પ્રશ્ન ૫) પહેલો

**જ.૨ પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં લખો.**

૧) સ્વિટ્ઝલૅન્ડમાં ૨) કોકોનું ૩) બદામના કદનાં

૪) દૂધ, માખણ, ખાંડ, ફળો અને સૂકા મેવા

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ શબ્દ નિર્માણ કરો.**

શબ્દના અંતના મૂળાક્ષરને લઈને શબ્દગાડી બનાવો.

ઉ.દા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | થડ | ડર | રમ | મગર | રમત |
| ૨) | જમરૂખ | ખલ | લગ્ન | નવલ | લસણ |
| ૩) | સફેદ | દમ | મન | નમન | નગર |
| ૪) | ચકલી | લીલા | લાલ | લતા | તાગ |
| ૫) | પતંગ | ગજ | જલદ | દર | રસ |

**જ.૨ ચૉકલેટ વિશે તમારા શબ્દમાં લખો.**

૧) મને ફાઈવસ્ટાર ચૉકલેટ ભાવે છે.

૨) ચૉકલેટ કોકોના બીમાંથી બને છે.

૩) ચૉકલેટનું મૂળવતન દક્ષિણ અમેરિકા છે.

૪) સૌ પ્રથમ ઈ.સ. ૧૮૧૯માં ચૉકલેટ બારનું નિર્માણ સ્વિટ્ઝલૅન્ડમાં થયું.

૫) ચૉકલેટ ખાવાથી તરત જ શક્તિ મળે છે.

# ૫ વર્ષારાણી

## પાઠની રૂપરેખા

**વર્ષારાણી**

(૧) બાળક વર્ષારાણીને તેની સાથે રમવા બોલાવે છે.

(૨) વર્ષારાણીને સાથે મોર અને દેડકાંને લાવવા કહે છે.

(૩) વર્ષારાણીને ધીમે ધીમે વરસવા કહે છે. કારણકે ભીની માટીમાં લપસી જવાય છે.

(૪) વીજળીને ધીમે ચમકવા કહે છે કારણકે બાળકની આંખ અંજાઈ જાય છે. વીજળીને કાળી વાદળીમાં સંતાઈ જવા કહે છે. સૂરજદાદની પાછળ લપાઈ જવા કહે છે.

(૫) વર્ષારાણીને સાત રંગોનું મેઘધનુષ સાથે લાવવા કહે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કુદરતી સંપત્તિની સાચવણીનું મહત્ત્વ સમજશે.

૨) વિદ્યાર્થીઓ કુદરતી તત્વોની ઉપયોગિતાને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) કાવ્યની સમજૂતીને સમજશે.

૨) કાવ્યગાનનું મહત્ત્વ સમજશે.

૩) કાવ્યની રજૂઆત કરતા શીખશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ‘વર્ષારાણી’ કાવ્ય youtube પર બતાવીને તે સંબંધિત ચર્ચા કરશે.

## શિક્ષણ પ્રવૃત્તિ – પરિસ્થિતિ વર્ણન

- શિક્ષક વિદ્યાર્થીઓને ચાર જુદા-જુદા સમૂહમાં વહેચણી કરશે. તેના આધારે ચાર જુદી જુદી પરિસ્થિતિ આપશે.

  ઉ.દા. (૧) વરસાદ પડે ત્યારના વાતાવરણનું વર્ણન કરો.
  (૨) પ્રથમ વરસાદ પડે ત્યારના વાતાવરણનું વર્ણન કરો.
  (૩) અતિશય વરસાદ પડે ત્યારના વાતાવરણનું વર્ણન કરો.
  (૪) દુકાળ પડે ત્યારના વાતાવરણનું વર્ણન કરો.

  આ રીતે દરેક પરિસ્થિતિના મહત્ત્વના મુદ્દાને શિક્ષક કાગળ પર લખશે.

વિદ્યાર્થીઓ પરિસ્થિતિને સ્વભાષામાં અને યોગ્ય વાક્યરચનામાં રજૂઆત કરશે. જરૂર પડે ત્યારે શિક્ષકની મદદ લેશે.

- આમ શિક્ષક 'પરિસ્થિતિ વર્ણન'ની મદદથી કાવ્યની રજૂઆત કરશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ વ્યક્તિગત પરિસ્થિતિ વર્ણનની પ્રશંસા કરવી. ૨) જરૂર પડે ત્યાં સલાહ સૂચન આપવું.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) કાવ્યનું ગાન ૩) ઉચ્ચારણની શુદ્ધતા + શબ્દભંડોળ

## સામાન્ય ખામીઓ

૧) ચર્ચા દરમ્યાન ઉદ્‌ભવતી સમસ્યાનું નિવારણ કરવું.

## સમસ્યા નિવારણ

૧) શિક્ષક જરૂર પડે ત્યાં ગુજરાતી શબ્દના વધુ ઉપયોગ પર ભાર મૂકશે.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) આ કાવ્યને ગણિત, વિજ્ઞાન અને ઈતિહાસ જેવા વિષયો સાથે આવરીને વધુ સમજણ આપવી.

## પ્રવૃત્તિ

તમને ગમતી કોઈપણ એક ઋતુનું ચિત્ર બનાવો.

## રચનાત્મક અભિગમ

### સામાન્ય વિદ્યાર્થીઓ

૧) ઋતુઓ કઈ કઈ હોય છે? ૨) તમારી પ્રિય ઋતુ વિશે લખો.

### મધ્યમ વિદ્યાર્થીઓ

૧) 'વર્ષાની પ્રથમ હેલી' વિશે લખો. ૨) આ કાવ્યમાંથી તમને શું સમજાયું તે લખો.

### ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) કોઈપણ એક વર્ષા-ગીત મેળવીને તે વિશે લખો.
૨) 'ઋતુઓ એકબીજા પર નિર્ભર છે' આ વાક્યને સમજાવો.

## ગૃહકાર્ય

૧) તમારા મિત્રને કઈ ઋતુ ગમે છે તે પૂછો અને તે વિશે નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ વર્ષારાણી વિશે તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચે આપેલા ચિત્રનું નિરીક્ષણ કરી તે વિશે ૧૦ વાક્ય લખો.**

વર્ષારાણી વાળું કોઈપણ ચિત્ર Net પરથી આપો. જે દ્વારા વિદ્યાર્થીઓ ચિત્રવર્ણન કરી શકે.



## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) આ કાવ્યમાં વર્ષારાણીની વાત કરવામાં આવી છે.
૨) બાળક વર્ષારાણી સાથે ભીંજાવા માંગે છે.
૩) વર્ષારાણી દેડકાં અને મોરને સાથે લઈ આવવાની વાત કરે છે.
૪) બાળકની આંખલડી વીજળી ચમકે ત્યારે અંજાઈ જાય છે.
૫) સાત સાત રંગોનું મેઘધનુષ રચાય છે.

**જ.૨ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દ શોધીને લખો.**

૧) હસાવ - આવ ૨) સંતાઈ - લપાઈ

**જ.૩ નીચેના વિષય પર એકાદ બે વાક્યો લખો.**

૧) વર્ષારાણી વર્ષાઋતુમાં સૂડલે-સૂડલે વર્ષાને લાવે છે. વર્ષારાણી તહેવારોની રાણી છે.
૨) મોર વર્ષાઋતુમાં નૃત્ય કરે છે. મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
૩) વાદળ કાળા-કાળા રંગના થઈ જાય છે. વાદળમાંથી વર્ષારાણી આવે છે.
૪) સૂરજ એક તારો છે. આકાશમાં રોજ સવારે સૂરજ ઊગે છે.
૫) મેઘધનુષનું બીજું નામ ઈન્દ્રધનુષ છે. મેઘધનુષ સાત-સાત રંગોથી બને છે.

**જ.૪ નીચેના ચોરસમાં વર્ષાઋતુ સાથે સંકળાયેલા શબ્દ લખો.**

૧) તહેવાર ૨) કાળા વાદળ ૩) છત્રી ૪) રેઈનકોટ ૫) પાક
૬) વીજળી ૭) મોર ૮) ભીની માટી ૯) દેડકો

**જ.૫ વર્ષાઋતુમાં આવતા તહેવારોના નામ લખો.**

૧) રક્ષાબંધન ૨) જન્માષ્ટમી ૩) ૧૫મી ઓગષ્ટ

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ વર્ષારાણી વિશે તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.**

૧) વર્ષારાણી ચોમાસાની ઋતુમાં આવે છે.
૨) વર્ષારાણીના આગમનથી બધા આનંદિત થઈ ઊઠે છે.
૩) વર્ષારાણી સાથે કાળા કાળા વાદળ આવે છે.
૪) વર્ષારાણીના આગમનથી દેડકા અને મોર આનંદમાં આવી જાય છે.
૫) વર્ષારાણી આખા વર્ષનું પાણી સમગ્ર જીવસૃષ્ટિને આપે છે.
૬) વર્ષારાણીના આગમનથી ધરતી લીલીછમ થઈ ઊઠે છે.
૭) વર્ષારાણીના આગમનથી ખેડૂતો હરખાઈ ઊઠે છે.
૮) વર્ષારાણી તહેવારોની રાણી છે.
૯) વર્ષારાણીના આગમનથી નદીઓ છલકાઈ ઊઠે છે.
૧૦) વર્ષારાણી સાથે બાળકો છબછબ નાચે છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચે આપેલા ચિત્રનું નિરીક્ષણ કરી તે વિશે ૧૦ વાક્ય લખો.**

વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

# ૬ ઢબુની સૅન્ડ્વિચ અને ફ્રુટપંચ

## પાઠની રૂપરેખા

ઢબુની સૅન્ડ્વિચ અને ફ્રુટપંચ

(૧) ઢબુને ભૂખ લાગી હોવાથી રસોડામાં ખાવાનું શોધવાં જાય છે.

(૨) શાકભાજી અને ફળો ઢબુને બૂમો પાડીને ખાવા માટે આગ્રહ કરે છે.

(૩) સફરજન, અનાનસ, તરબૂચ, લીચી, કેરી, દ્રાક્ષ અને કેળુ બધાએ પોતાનામાં રહેલી શક્તિઓની સમજણ આપી.

(૪) કાંદો, પાલક, બીટ, કિવી, દાડમ, પપૈયુ, ગાજર, કાકડીએ પણ પોતામાં રહેલી શક્તિઓની સમજણ આપી.

(૫) અંતે ઢબુએ ફળનો ફ્રુટપંચ બનાવ્યો અને શાકભાજીની સૅન્ડ્વિચ બનાવી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પૌષ્ટિકતાનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ ફળ અને શાકભાજીમાં રહેલી શક્તિ વિશેનું જ્ઞાન મેળવશે.
૩) વિદ્યાર્થીઓ શરીરનાં માટે વિટામિન કેટલા જરૂરી છે તે વિશે જ્ઞાન મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ભાષાકિય ક્ષમતાનો વિકાસ થશે.
૨) વિદ્યાર્થીઓ પાત્ર અભિનય કળા વિકસાવશે.
૩) વિદ્યાર્થીઓની શ્રવણ, કથન, લેખન અને વાંચન શૈલીનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

- શિક્ષક વિદ્યાર્થીઓને 'દેયાનનું સ્વપ્નું' વાત દ્વારા શાકભાજી અને ફળોના મહત્ત્વને સમજાવશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને 'શાકવાળી આવી' કાવ્ય Youtube પર બતાવી શાકભાજીની ઓળખ ગુજરાતીમાં કરાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ પાત્ર અભિનય

૧) શિક્ષક દરેક વિદ્યાર્થીઓને ફળ કે શાકભાજીના એક-એક પાત્રનું અભિનય કરવા જણાવશે.
૨) વિદ્યાર્થીઓ પાત્ર અનુસાર વેશભૂષા ધારણ કરી તે પાત્ર વિશે પોતાના વિચારો વ્યક્ત કરશે.
૩) વિદ્યાર્થીઓના પાત્ર અભિનયના આધારે શિક્ષિકા વિદ્યાર્થીઓને ઢબુની સૅન્ડ્વિચ અને ફ્રુટપંચ વિશે માહિતી આપશે.
૪) વિદ્યાર્થીઓ અભિનય અને પાઠના આધારે ફળ અને શાકભાજીના મહત્ત્વને સમજશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ પાત્રના અભિનયની પ્રશંસા ૨) અભિનયની રજૂઆત ૩) સંવાદની રજૂઆત

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) ભાષાની પકડ/રજૂઆત ૨) પાત્ર અભિનયમાં સહભાગી ૩) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ

## સામાન્ય ખામીઓ

૧) ઉચ્ચારણની ખામીઓ ૨) રજૂઆતમાં ખામીઓ

## સમસ્યા નિવારણ

૧) વિદ્યાર્થીઓને સતત કઠિન શબ્દનું ઉચ્ચારણ કરાવવું.
૨) વિદ્યાર્થીઓને રજૂઆત માટે અને તૈયારી માટે યોગ્ય સમય આપવો.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠને શાકભાજી અને ફળના ઈતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાન જેવા વિષયો સાથે આવરીને રજૂઆત કરવી.

## પ્રવૃત્તિ

- નીચેના ચોરસમાં કોઈ પણ ત્રણ લીલા રંગના શાકભાજી અને ફળ બનાવો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) કોઈ પણ ત્રણ લાલ રંગના ફળનાં નામ લખો. ૨) તમને ગમતા કોઈ પણ એક ફળ વિશે લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) આ પાઠમાં વપરાયેલી સંજ્ઞા શોધીને લખો. ૨) આ પાઠમાંથી તમને શું શીખવા મળ્યું? તે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) 'જો હું સફરજન હોઉં તો' પર પાંચ વાક્ય લખો.
૨) કોઈ પણ એક વાનગી બનાવવાની રીત મમ્મીને પૂછીને લખો.

## ગૃહકાર્ય

- તમારા મમ્મી-પપ્પાને ભાવતા ફળ અને શાકભાજીની યાદી બનાવો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેના ફળનો અને શાકભાજીનો કોઈ પણ એક ફાયદો લખો.**
૧) કાકડી ૨) દાડમ ૩) પપૈયું

**પ્ર.૨ એક શબ્દમાં જવાબ લખો.**
૧) કયું ફળ આપણી ચામડીને સુંદર બનાવે છે?
૨) કયા કયા ફળ આપણા શરીરમાં હીમોગ્લોબિન વધારે છે?

૩)    કોઈ પણ ચાર ફળનાં નામ લખો. જેમાંથી જ્યુસ બનાવી શકાય.
૪)    આપણી આંખને કયું શાકભાજી તેજ આપે છે?

**પ્ર.૩ કોણ બોલે છે તે લખો.**

૧)    અમને ખાવો તમને વિટામિન સી મળશે.
૨)    હું મીઠી મીઠી રસવાળી છું.
૩)    મને છોલીને તમે ચીપ્સ બનાવી શકો છો.
૪)    હું કોને ખાવ? શું કરું? બધા જ મારા માટે સારા છે.

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ સમાનાર્થી શબ્દની શોધખોળ.**

| | | | |
|---|---|---|---|
| ૧) મુગટ | ૨) શરીર | ૩) ગરમી | ૪) હાથી |

**પ્ર.૨ વિરોધી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) તેજ | ૨) ગરમી | ૩) નજીક | ૪) શક્તિ |

**શબ્દનિર્માણ**

ઉ.દા. - ઢગ

| | | | |
|---|---|---|---|
| ૧) | ૨) | ૩) | ૪) |

**નીચેના ટોપલામાંથી પૌષ્ટિક ખોરાકને રંગ પૂરો.**




**મારું નામ શોધો.**

**નીચે ચિત્રોને ધ્યાનથી જુઓ અને ખાલી જગ્યા પૂરો.**




મારું નામ .................. છે.
મારો રંગ ................ છે.
હું સ્વાદમાં ................ છું.




મારું નામ ................. છે.
મારો રંગ ઉપરથી ............... અંદરથી ................ છે.
હું ................ ફળ છું.



મારું નામ ................. છે.
મારો રંગ ................. છે.
હું સ્વાદમાં ખૂબ ................. છું.



મારું નામ ................. છે.
મારો રંગ ................ છે.
હું તમને વિટામિન ............. આપું છું.



મારું નામ ................... છે.
મારો રંગ .................. છે.
હું તમારા .................. મજબૂત કરું છું.

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) શાકભાજી અને ફળો ઢબુને બુમો પાડી રહ્યા હતાં.
૨) કેરી ફળોની રાણી છે. સ્વાદમાં ખૂબ સ્વાદિષ્ટ છે. શરીરમાં તાકાત વધારે છે.
૩) નીચેના ફળનો અને શાકભાજીનો કોઈ પણ એક ફાયદો લખો.
 ૧. બ્રોકલી - ખૂબ શક્તિ-વર્ધક છે.
 ૨. અનાનસ - ખૂબ રસવાળું ફળ છું.
 ૩. દ્રાક્ષ - વિટામિન સી મળે છે.
૪) ઢબુએ ફળોનું ફ્રુટપંચ અને શાકભાજીની સૅન્ડ્વિચ બનાવી હતી.
૫) વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.

**જ.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) ભૂખ ૨) કાકડી ૩) કેરી ૪) પપૈયું ૫) રીંગણ

**જ.૩ કોણ બોલે છે તે લખો.**

૧) કેળું ૨) કાંદો

**જ.૪ સમાનાર્થી શબ્દ લખો.**

૧) સ્વર ૨) નવાઈ ૩) નાજુક, રઢિયાળું ૪) પાંદડું

**જ.૫ વિરોધી શબ્દ લખો.**

૧) નાનું ૨) કડવું ૩) પાછળ ૪) રાજા ૫) પાતળું

**જ.૬ સાચી જોડણી શોધીને વર્તુળ ◯ કરો.**

૧) શાકભાજી ૨) લીચી ૩) પ્રોટીન ૪) વિટામિન ૫) ચામડી

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચેના ફળોનો અને શાકભાજીનો કોઈ પણ એક ફાયદો લખો.**

૧) કાકડી → કાકડીમાંથી વિટામિન ઈ મળે છે.
૨) દાડમ → દાડમ આપણા શરીરનું હિમોગ્લોબિન વધારવામાં મદદ કરે છે.
૩) પપૈયું → આપણા શરીરની પાચન શક્તિ વધારે છે.

**જ.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૪) સંતરા ૫) દાડમ અને બીટ ૬) તરબૂચ, દાડમ, દ્રાક્ષ અને સંતરા ૭) પાલક

**જ.૩ કોણ બોલે છે તે લખો**

૧) દ્રાક્ષ અને ટમેટાં ૨) લીચી ૩) બટેટાં ૪) ઢબુ

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) તાજ ૨) અંગ, દેહ, કાયા ૩) તાપ ૪) ગજ

**જ.૨ વિરોધી શબ્દ લખો**

૧) સતેજ ૨) ઠંડી ૩) દૂર ૪) અશક્તિ

# ૭ અંબાજી

## પાઠની રૂપરેખા

અંબાજી

(૧) ૫૧ શક્તિ પીઠમાંથી એક મહત્ત્વની શક્તિપીઠ એટલે ગુજરાતની અંબાજીમાં.

(૨) પૌરાણિક કથા મુજબ પિતાના ઘરે અપમાન થાય છે. તે સહન ન થતા યજ્ઞની અગ્નિમાં ભસ્મ થઈ જાય છે.

(૩) શિવજીને ખૂબ ગુસ્સો આવે છે. માતાનું શરીર લઈને તાંડવ નૃત્ય કરે છે. શરીરના કુલ ૫૧ ટુકડા ભારતમાં અલગ-અલગ જગ્યાએ પડ્યા.

(૪) માતાના હૃદયનો ટુકડો પડ્યો તે સ્થળ પર અંબાજી મંદિરની સ્થાપના થઈ.

(૫) મૂર્તિ નહી યંત્રની પૂજા થાય છે. મૂળ પ્રાગ્ટ્યસ્થાન ગબ્બરની ટેકરી ગણાય છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પ્રવાસ પ્રત્યેનો પ્રેમ વિકસાવશે.
૨) વિદ્યાર્થીઓ અંબાજીના પ્રાગટ્યની પૌરાણિક કથાને સમજશે.
૩) વિદ્યાર્થીઓ યાત્રાધામનું મહત્ત્વ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ડાયરી/રોજનીશી લેખન કાર્ય કરશે.
૨) વિદ્યાર્થીઓમાં ભાષાકીય ક્ષમતાનો વધારો થશે.
૩) વિદ્યાર્થીઓ નવા શબ્દથી પરિચિત થશે.
૪) વિદ્યાર્થીઓ સમૂહ કાર્યની ભાવના વિકસાવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ગુજરાતના પ્રવાસ સ્થળ ખાસ કરીને યાત્રાધામ વાળા સ્થળોની ચર્ચા કરી અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને 'આરાસુરી અંબા' નો youtube પર વીડિયો બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

### પ્રશ્નો

૧) ગુજરાતમાં કયા કયા માતાજીના મંદિર આવેલા છે?
૨) અંબાજીમાં કયા માતાનું મંદિર આવેલું છે?
૩) તમે અંબાજીના પ્રવાસે ગયા છો?

- શિક્ષક વિદ્યાર્થીઓને પૌરાણિક કથા (આરાસુરી અંબાજી) વાર્તા પદ્ધતિ/પપેટની મદદથી સમજાવશે.
- શિક્ષક પપેટ માટે મોજા કે આઈસ્ક્રીમની લાકડીનો ઉપયોગ કરી વાર્તાનું કથન કરી શકશે.
- શિક્ષક વાર્તા કથન પછી વર્ગને જુદા જુદા સમૂહમાં વિભાજિત કરશે. પાઠના જુદા જુદા અંશોને રજૂઆત કરવા કહેશે.

- વિદ્યાર્થીઓ પાઠના અંશોનું મૌનવાંચન કરશે. પછી સમૂહમાં વિદ્યાર્થીઓ એકબીજા સાથે ચર્ચા કરશે.
- સમૂહનો કોઈ એક વિદ્યાર્થી વર્ગસમક્ષ પાઠના અંશોની રજૂઆત કરશે.
- જરૂર પડે ત્યાં શિક્ષિકા મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ રજૂઆતની પ્રશંસા ૨) ચર્ચાના યોગ્ય મુદ્દાની રજૂઆત ૩) વાક્યની યોગ્ય રજૂઆત

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) સમૂહચર્ચામાં સહભાગી ૩) ભાષાકીય કૌશલ્ય

## સામાન્ય ખામીઓ

૧) રજૂઆતમાં ખામીઓ ૨) વાક્યની ગોઠવણમાં ખામીઓ

## સમસ્યા નિવારણ

૧) વિદ્યાર્થીઓને રજૂઆત માટે અને તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન આપવું.
૨) વિદ્યાર્થીઓને શબ્દ પરથી વાક્ય અને વાક્ય પરથી ફકરા વાંચન પર ભાર મૂકવો.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠના આધારે વિદ્યાર્થીઓ પૌરાણિક કથાનું મહત્ત્વ સમજશે અને તેની રજૂઆત શિક્ષકે ઈતિહાસ સાથે સાંકળીને કરવી.

## પ્રવૃત્તિ

૧) મહારાષ્ટ્રમાં આવેલા માતાજીના કોઈપણ પાંચ મંદિરના નામ શોધીને તમારી નોંધપોથીમાં લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) અંબાજીના મંદિરની આજુબાજુ આવેલા ધાર્મિક સ્થળોનાં નામ લખો.
૨) આ પાઠમાં વપરાયેલી સંજ્ઞા શોધીને લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) ''તમે માણેલા પ્રવાસ''નું વર્ણન ૧૦ વાક્યમાં લખો.
૨) 'મા અંબા' વિશે પાઠના આધારે ૧૦ વાક્ય લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) અંબાજીના વાહન (વાઘ) વિશે માહિતી ભેગી કરીને લખો.
૨) પાઠના મહત્ત્વના મુદ્દાને વાર્તામિપ બનાવીને લખો.

## ગૃહકાર્ય

૧) તમારા ઘરની આજુબાજુ આવેલ ધાર્મિક સ્થળની મુલાકાત લઈને તે વિશે લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ સમાનાર્થી શબ્દ**

૧) પવિત્ર ૨) ગુસ્સો ૩) અપમાન ૪) આંખ

**પ્ર.૨ સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) શરીર શરિર શરરી ૨) પાગટ્ય પ્રગટ્ય પ્રાગટ્ય

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ શિક્ષકની મદદથી નીચેના પ્રભુઓને કોઠામાંથી શોધીને લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ન | શ્રી | રા | મ | ગ | ચ | તાં |
| ર્વ | કૃ | મો | હા | ણ | ગી | નૃ |
| ચ | ષ્ણ | ક | વી | પ | ન | સં |
| સં | દ | પ્રિ | ર | તિ | મં | ર |
| મા | ત | કા | સ્વા | દા | ક | કં |
| ય | દ | નુ | મી | દા | નો | જી |
| ઝી | બ | ચિ | સુ | પ | શિ | વ |
| હ | નુ | મા | ન | દા | દા | ચ |
| જી | બ | નૂ | સ | ધ | અં | ની |

૧) રાવણનો નાશ કરનાર.
૨) કંસમામાનો સંહાર કરનાર.
૩) તાંડવ નૃત્ય કરનાર.
૪) પ્રિય વાનગી મોદક.
૫) સંજીવની પર્વત લાવનાર.
૬) નવકાર મંત્ર આપનાર.

**પ્ર.૨ 'મા' વિશે તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) સતીના પિતાએ મોટા યજ્ઞનું આયોજન કર્યું હતું.
૨) માતા સતીનું અપમાન પિતાને ત્યાં થાય છે એટલે તે યજ્ઞકુંડમાં કૂદી પડે છે.
૩) માતા સતીનું હૃદય જે સ્થળે પડ્યું તે સ્થળે અંબાજીના મંદિરની સ્થાપના થઈ હતી.
૪) અંબાજી મંદિર ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનાં દાંતા તાલુકામાં આવેલું છે.
૫) અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિ કે છબીની નહિ પરંતુ 'શ્રી યંત્ર'ની પૂજા કરવામાં આવે છે.
૬) અંબાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન ગબ્બરની ટેકરીમાં આવેલું છે.

**જ.૨ નીચેના કોઠામાં આપેલા મા અંબાના જુદા જુદા પાંચ નામ શોધો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પિ | ઉ | મા | વી | શું | ક્તિ |
| તી | રો | દુ | ર્ગા | ખા | ર્શ |
| ણ | અં | દે | પા | ર્વ | તી |
| ટો | બિ | ડું | રી | ભ | ગ્ર |
| અં | કા | ટે | લ્યા | વા | બો |
| શ | ન્ટ | મૂ | સિ | ની | દ્ધ |
| ણ | ના | લી | ર્મિ | ટ્ય | થી |

**જ.૩ નીચેના પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો.**

૧) દક્ષ ૨) તાંડવ નૃત્ય ૩) ૫૧ એકાવન ૪) ભાદરવી પૂનમનો
૫) દિવાળીમાં ૬) માઉન્ટ આબુ

**જ.૪ સમાનાર્થી શબ્દ લખો.**

૧) બાપુજી ૨) દેવસ્થાન, દેવળ ૩) દિલ ૪) નૃપ

**જ.૫ વિરોધી શબ્દ લખો.**

૧) અપમાન ૨) દેવ ૩) અપ્રસિદ્ધ ૪) દૂર ૫) અપવિત્ર

**જ.૬ સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) પવિત્ર ૨) અંબા ૩) મંદિર

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ સમાનાર્થી શબ્દ**

૧) શુદ્ધ ૨) ક્રોધ ૩) અનાદર ૪) નેત્ર

**જ.૨ સાચી જોડણી પર વર્તુળ કરો**

૧) શરીર ૨) પ્રાગટ્ય

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ શિક્ષકની મદદથી નીચેના પ્રભુઓને કોઠામાંથી શોધીને લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ન | શ્રી | રા | મ | ગ | ચ | તાં |
| ર્વ | કૃ | મો | હા | ણ | ગી | નૃ |
| ચ | ષ્ણ | ક | વી | પ | ન | સં |
| સં | દ | પ્રિ | ર | તિ | મં | ર |
| મા | ત | કા | સ્વા | દા | ક | કં |
| ય | દ | નુ | મી | દા | નો | જી |
| ઝી | બ | ચિ | સુ | પ | શિ | વ |
| હ | નુ | મા | ન | દા | દા | ચ |
| જી | બ | નૂ | સ | ધ | અં | ની |

૧) શ્રી રામ
૨) શ્રી કૃષ્ણ
૩) શિવ
૪) ગણપતિબાપા
૫) હનુમાનદાદા
૬) મહાવીર સ્વામી

**પ્ર.૨ 'મા' વિશે તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.**

૧) મારી માનું નામ ...................... છે. ૨) મારી મા મને ખૂબ પ્રેમ કરે છે.
૩) મા મારા માટે અલગ અલગ વાનગીઓ બનાવે છે.
૪) મારી મા સવારે વહેલી ઊઠી મને શાળાએ મોકલે છે.
૫) મારી મા દુનિયાની સૌથી સુંદર સ્ત્રી છે.
૬) મારી મા હંમેશાં દરેક કાર્ય માટે પ્રોત્સાહીત કરે છે.
૭) મારી મા મને અભ્યાસમાં મદદ કરે છે.
૮) મારી મા સુંદર નૃત્ય કરે છે.
૯) મારી મા શિક્ષિકા છે. ૧૦) મારી મા મને ખૂબ વહાલી છે.

# ૮ ઈન્દ્રધનુષ

## કાવ્યની રૂપરેખા

ઈન્દ્રધનુષ → મેઘધનુષ

(૧) ઈન્દ્રધનુષ આકાશમાં સાત રંગોથી શોભે છે. વર્ષારાણીના આગમનની સૂચના આપે છે.

(૨) સાત રંગોને કારણે આકાશની શોભા અનેરી છે.

(૩) મેઘની સવારી લાવે છે એટલે તેને મેઘધનુષ કહેવાય છે.

(૪) સુંદર મજાનું ઈન્દ્રધનુષ જોઈને સહુ આનંદિત થાય છે.

(૫) બાળકો આવો આવો આકાશમાં ઈન્દ્રધનુષ દેખાય છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કુદરતી તત્ત્વોનો આદર કરતા શીખશે.
૨) વિદ્યાર્થીઓ કુદરતી તત્ત્વો આપણને જીવનમાં ખૂબ ઉપયોગી છે તેની વાત સમજશે.
૩) વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર ચર્ચા કરી લેખનકળા વિકસાવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્યગાનનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ કાવ્યગાન કરતા શીખશે.
૩) વિદ્યાર્થીઓ વાંચન, લેખન, શ્રવણ અને કથન શૈલીનો વિકાસ કરશે.

## અભિપ્રેરણા

- શિક્ષક Youtube પર 'મેઘધનુષ' કેવી રીતે બને તેનો વીડિયો બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

- શિક્ષિકા વિદ્યાર્થીઓને કાવ્યનું ગાન કરાવશે.
- વિદ્યાર્થીઓ કાવ્યનું સમૂહમાં ગાન કરશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને ઈન્દ્રધનુષ વાળી વર્કશીટ આપશે જેમાં બાળકો ઈન્દ્રધનુષમાં રંગપૂરણી કરશે. સાથોસાથ ઈન્દ્રધનુષ વિશે ૧૦ વાક્ય સ્વભાષામાં લખવા કહેશે.
- વિદ્યાર્થીઓના લેખન વિશે શિક્ષક વિદ્યાર્થીઓ ચર્ચા કરશે તેના આધારે કાવ્યની પણ સમજૂતી વિશે ચર્ચા કરશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ વર્કશીટની ચર્ચા
૨) ઉત્તમ કાવ્ય ગાનની ચર્ચા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ
૨) ઈન્દ્રધનુષ વિશે ચર્ચા

## સામાન્ય ખામીઓ

- વિદ્યાર્થીઓને કાવ્યગાન કરતી વખતે સમસ્યાઓ ઉદ્ભવે

## નિવારણ

૧) શિક્ષક શરૂઆતની ૫ મિનિટ કાવ્યનું ગાન કરાવશે.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) શિક્ષિકા વિજ્ઞાન વિષય સાથે ઈન્દ્રધનુષની રચના વિશે ચર્ચા કરશે.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) મેઘધનુષનું બીજુ નામ લખો.

૨) વર્ષારાણીમાં કયા કયા તહેવાર આવે છે.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) જો વર્ષા રાણી ન આવે તો શું થાય તે લખો.

૨) મેઘધનુષના સાત રંગોના નામ લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.

૨) વર્ષારાણી વિશે એક નાનકડુ કાવ્ય શોધીને લખો.

## ગૃહકાર્ય

- પેટા ઋતુઓના નામ લખી નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ કાવ્યમાં વપરાયેલા રંગોના નામ લખો. તેના વિશે લખો.**

ઉ.દા. ૧) લાલ રંગ - લાલ રંગનું ટામેટુ મને ખૂબ ભાવે છે.

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ સર્વનામનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) હું | ૨) તમે | ૩) અમે | ૪) પેલુ | ૫) આ |
| ૬) કોણ | ૭) કોનું | ૮) શું | ૯) કોનો | ૧૦) મારું |

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) આકાશમાં ઈન્દ્રધનુષ રચાયું છે.

૨) ઈન્દ્રધનુષ વર્ષા રાણીના આગમનની આગાહી આપે છે.

૩) લાલ, લીલો, પીળો, કેસરી, ગુલાબી, જાંબલી અને વાદળી.

૪) મેઘ રાજાની જે સવારી લાવે છે તેને મેઘધનુષ કહેવાય છે.

૫) ૧. ઈન્દ્રધનુષનું બીજું નામ મેઘધનુષ છે. ૨. ઈન્દ્રધનુષમાં સાત રંગો હોય છે.

**જ.૨ સમાનાર્થી શબ્દ લખો.**

૧) મેઘધનુષ ૨) વરસાદ ૩) નૃપ ૪) આભ, ગગન ૫) રાતો

**જ.૩ કાવ્યપંક્તિ યોગ્ય રીતે જોડો.**

૧-૫, ૨-૪, ૩-૧, ૪-૨, ૫-૩

**જ.૪ નીચેના ચકડોળમાંથી તમે કઈ વસ્તુ વર્ષાઋતુમાં ઉપયોગમાં લેશો તે લખો.**

૧) છત્રી ૨) રેઈનકોટ ૩) ગમબુટ ૪) ટોપી

**જ.૫ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય લેખન કરો.**

૧) વરસાદ ૨) વર્ષાઋતુ ૩) કાળા - કાળા ૪) રાણી ૫) ખેતર

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ કાવ્યમાં વપરાયેલા રંગોના નામ લખો. તેના વિશે લખો.**

૧) લાલ રંગ - લાલ રંગનું ટામેટુ મને ખૂબ ભાવે છે.

૨) પીળો રંગ - સૂરજ દાદાનો પ્રકાશ પીળા રંગનો હોય છે.

૩) કેસરી રંગ - હનુમાનદાદાને કેસરી નંદન કહેવાય છે.

૪) નીલો રંગ - નીલા રંગની પેનથી હું લખું છું.

૫) જાંબલી રંગ - જાંબલી રંગનું રીંગણ મને ભાવે છે.

૬) વાદળી રંગ - વાદળી રંગનું આકાશ મને સુંદર દેખાય છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ સર્વનામનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) હું આજે રમવા જઈશ.

૨) તમે શું કરો છો?

૩) અમે આજે ફરવા જઈશું.

૪) પેલુ પુસ્તક રામનુ છે.

૫) આ ત્યાં જઈને મૂકી આવો.

૬) તમે કોણ છો?

૭) તમને કોનું કામ છે?

૮) મમ્મી શું કરે છે?

૯) કોનો પત્ર આવ્યો?

૧૦) મારું અહીંનું કામ પૂરું થયું છે.

# ૯ ગુજરાતી અંકો

## ઉદ્દેશ્ય

અંકોનો રોજિંદા જીવનમાં ઉપયોગ સમજશે.

## પ્રવૃત્તિ

- શિક્ષકોએ દરેક વિદ્યાર્થીઓને અલગ-અલગ અંકો ચિઠ્ઠી પર લખી આપવા.
- અંકોની રમત રમાડવી ૧-૧૦ (દસ નંબર કુટુંબના સભ્ય) ૩૦ સેકન્ડમાં એકબીજાને શોધીને સાથે થઈ જવું.
- એવી જ રીતે બધા અંકોના કુટુંબ ભેગા કરી તેની ઓળખ કરાવી સમજણ આપવી.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ શિક્ષક વિદ્યાર્થીઓ પાસે ૧ થી ૬૦ ગુજરાતી અંકો લખવાની પ્રેક્ટીસ કરાવે.**

# ૧૦ ઈકો ફ્રેન્ડલી દિવાળી

## પાઠની રૂપરેખા

**ઈકો ફ્રેન્ડલી દિવાળી**

(૧) સુંદરવન આદર્શ વન તરીકે ગણાયું હતું.

(૨) સરકારની જાહેરાત પર્યાવરણ રક્ષણ સાથે દિવાળીની ઉજવણી કરશે તેને આદર્શ વનનો પુરસ્કાર મળશે.

(૩) વનરાજા કેસરીએ સુંદરવનના દરેક પ્રાણીઓને ચર્ચા માટે બોલાવ્યા હતા.

(૪) દરેક પ્રાણીઓએ અલગ-અલગ વિચારો વ્યક્ત કર્યા. અંતે આરુની વાતને ધ્યાનમાં રાખીને દિવાળીની ઉજવણીનો વિચાર કર્યો.

(૫) બધા પ્રાણીઓએ મળીને દિવેલ કે તેલના દીવા કર્યા. રંગોળી ધાન્યની બનાવી, ફટાકડા નહી ફોડવાનો સંકલ્પ કર્યો.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક વારસાના જતનની સમજણ મેળવશે.
૨) વિદ્યાર્થીઓ તહેવાર પાછળ રહેલી ધાર્મિક માન્યતાને સમજશે.
૩) વિદ્યાર્થીઓ પર્યાવરણ શુદ્ધિકરણનું મહત્ત્વ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ભાષાકીય ક્ષમતાને વિકસાવશે.
૨) વિદ્યાર્થીઓ વાંચન, લેખન, કથન અને લેખનશૈલીનો વિકાસ કરશે.
૩) વિદ્યાર્થીઓ તહેવારો વચ્ચેનો ભેદ સમજશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે ફટાકડા ફોડવાથી થતી સમસ્યા વિશે ચર્ચા કરશે. આના માધ્યમથી ઈકો ફ્રેન્ડલી દિવાળી વિશે સમજણ આપશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવણી વિશે ચર્ચા કરી અજ્ઞાન થી જ્ઞાન તરફ લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ પ્રશ્નો

- ઈકો એટલે શું? (ઈકો એટલે પર્યાવરણને લગતું)
- ફ્રેન્ડલી એટલે શું? (ફ્રેન્ડલી એટલે મિત્રતાભર્યું)
- શિક્ષક આ બે પ્રશ્નો પૂછીને ઈકો ફ્રેન્ડલીનો અર્થ સ્પષ્ટ કરશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને બે અલગ-અલગ પરિસ્થિતિઓ આપશે. ઉ.દા. - ૧) પરિસ્થિતિ - તમને તમારા કાકાએ દિવાળી માટે બહુ બધા ફટાકડા ભેટમાં આપ્યા છે તો તમે આ ફટાકડાનો ઉપયોગ કરશો કે

નહી? સાથોસાથ તમને શાળામાંથી પર્યાવરણ જાળવણી વિશે સમજણ આપવામાં આવી છે, તો તમે શું કરશો?

૨) તમને પર્યાવરણની જાળવણી વિશે જ્ઞાન નથી અને તમે દિવાળીમાં ખૂબ ફટાકડા ફોડ્યા હતા. પછી તમને સમાચાર પત્રના લેખ દ્વારા સમજણ મળી તો તમે જાળવણી માટે કયા કયા પગલા લેવાનો પ્રયત્ન કરશો તે વિશે લખો.

- શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર સમૂહમાં વિભાજિત કરશે અને અલગ-અલગ સમૂહને અલગ-અલગ પરિસ્થિતિ આપશે. વિદ્યાર્થીઓને ચર્ચા માટે સમય આપશે.
- સમૂહમાંથી કોઈ એક વિદ્યાર્થી સમૂહના વિચારો રજૂ કરવા આવશે.
- વિદ્યાર્થીઓના મહત્ત્વના મુદ્દાને શિક્ષક કાગળ પર લખશે.
- શિક્ષક ચર્ચાના આધારે પાઠની સમજૂતી આપશે. જરૂર પડે ત્યાં વિદ્યાર્થીઓને સહાય કરશે.
- આમ પરિસ્થિતિની મદદથી પાઠની સમજૂતી સ્પષ્ટ કરશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ કાર્યની/ચર્ચાની પ્રશંસા ૨) ઉત્તમ વિચારોની પ્રશંસા ૩) પરિસ્થિતિની રજૂઆત

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) પરિસ્થિતિ વિશેની ચર્ચામાં સહભાગી થવુ.

૩) ભાષાની રજૂઆત

## સામાન્ય ખામીઓ

૧) વિદ્યાર્થીઓ પરિસ્થિતિ આધારિત ચર્ચામાં વિચારો રજૂઆત કરવામાં સમસ્યા ઉદ્‌ભવે.

## નિવારણ

૧) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે નાના વિષયો પર એક-બે મિનિટ ચર્ચા કરે, ધીરે ધીરે વિદ્યાર્થીઓ વિચારો રજૂ કરી શકશે.

## અંતઃવિષય દષ્ટિકોણ

૧) આ વાર્તાને પર્યાવરણ દ્રષ્ટિની સાથો-સાથ વૈજ્ઞાનિક દષ્ટિકોણે પણ રજૂઆત કરી શકાશે.

## પ્રવૃત્તિ

૧) વિદ્યાર્થીઓ તેમના મિત્રો સાથે મળીને ઈકો ફ્રેન્ડલી કોઈ પણ એક વસ્તુ બનાવશે.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) ઈકો ફ્રેન્ડલી એટલે શું? ૨) દિવાળીનો તહેવાર કયા મહિનામાં આવે છે.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) આ વાર્તામાંથી તમને શું બોધ મળે છે?

૨) આરુ આખલો પર્યાવરણ પ્રેમી છે? આ વાક્યને તમારા શબ્દમાં લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) આ વાર્તાને તમારા શબ્દમાં લખો. ૨) ઈકો ફ્રેન્ડલી દિવાળી વિશે તમારા વિચારો લખો.

## ગૃહકાર્ય

- વિદ્યાર્થીઓ કાળીચૌદશ વિશે માહિતી મેળવીને લખશે.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ વિરોધી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) અડધુ ૨) નાના ૩) ફાયદો ૪) ખોટી ૫) ભક્ષણ

**પ્ર.૨ નીચે આપેલ ચોરસમાં તમને ગમતા કોઈપણ એક તહેવાર વિશે ચિત્ર બનાવો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ ચિત્રવર્ણન કરો.**

૧) તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.



## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) સરકારે આદર્શ વનના પુરસ્કારની જાહેરાત કરી હતી.

૨) સલુ સમડી ફટાકડા ફોડીને અને વારુ વાંદરો વીજળીના દીવા કરીને દિવાળીની ઉજાણી કરવા માગતા હતા.

૩) આરુ આખલાએ વનરાજાને પર્યાવરણને હાનિ ન પહોંચે તે રીતે દિવાળીની ઉજવણીની વાત કરી હતી.

૪) બધા પ્રાણીઓએ ઈકો ફ્રેન્ડલી દિવાળી ઉજવી હતી.

**જ.૨ એક વાક્યમાં ઉત્તર લખો.**

૧) સુંદરવનમાં સ્વચ્છતા, આધુનિક અને પરંપરાગત વિચારોના કારણે આદર્શવન ગણાતું હતું.

૨) વનરાજાએ બધા પ્રાણીઓ અને પક્ષીઓને આદર્શ વનના પુરસ્કારના જાહેરાતની ચર્ચા માટે બોલાવ્યા હતા.

૩)	બધા પ્રાણીઓએ હળદર, મીઠું, સૂકાયેલાં પાન, ડાળખીઓ, કંડોળ અને ધાન્ય પાકોની મદદથી રંગોળી બનાવી હતી.

૪)	બધા પ્રાણીઓએ દીવા દિવેલ કે તેલના કર્યા હતા.

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) વન	૨) દિપાવલી	૩) સ્વાસ્થ્ય	૪) ફાયદાકારક

**જ.૪ એકાદ બે વાક્યો તમારા શબ્દમાં લખો.**

૧) **દિવાળી** : દિવાળીનો તહેવાર ધાર્મિક તહેવાર છે.

૨) **દીવા** : દિવાળીમાં લોકો તેલ કે દિવેલના દીવા કરતા હોય છે.

૩) **રંગોળી** : તહેવારના દિવસે ઘરના આંગણમાં અલગ અલગ રંગોથી રંગોળી પૂરવામાં આવે છે.

૪) **પુરસ્કાર** : શાળામાં રામને 'આદર્શ વિદ્યાર્થી'નો પુરસ્કાર મળ્યો હતો.

**જ.૫ વિદ્યાર્થીઓ ચિત્ર વર્ણન સ્વભાષામાં લખશે.**

૧) પહેલા ચિત્રમાં સાધુજી સીતાજીને પોતાની સાથે લઈ જવાનો પ્રયત્ન કરે છે.

૨) બીજા ચિત્રમાં સીતાજી ઝાડની નીચે ઉદાસ થઈને બેઠા છે.

૩) ત્રીજા ચિત્રમાં સીતાજી અને હનુમાન દાદા સંવાદ કરી રહ્યા છે.

૪) ચોથા ચિત્રમાં રામ, લક્ષ્મણ અને સીતાજી હનુમાન દાદાને પ્રગતિના આશીર્વાદ આપે છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ વિરોધી શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

૧) આખું	૨) મોટા	૩) નુકસાન	૪) સાચી	૫) રક્ષણ

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ વિદ્યાર્થીઓ ચિત્ર વર્ણન સ્વભાષામાં લખશે.**

# ૧૧ નિસર્ગભાઈ

## પાઠની રૂપરેખા

નિસર્ગભાઈ → કુદરતભાઈ

(૧) વર્ષની ઋતુઓની વાત આ પાઠમાં કરવામાં આવી છે. દરેક ઋતુઓ એકબીજા પર નિર્ભર છે.

(૨) ઉનાળાભાઈ ગરમીથી કંટાળીને ચોમાસાભાઈને બોલાવે છે.

(૩) ચોમાસાભાઈ ગંદકીથી કંટાળીને શિયાળાભાઈને બોલાવે છે.

(૪) શિયાળાભાઈ ઠંડીથી કંટાળીને ઉનાળાભાઈને બોલાવે છે.

(૫) આમ દરેક ઋતુઓ એકબીજા પર આધારિત છે. એ વાતથી નિસર્ગભાઈ સમજણ મેળવે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ઋતુચક્રનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ દરેક ઋતુઓના ફાયદા વિશે જ્ઞાન મેળવશે.
૩) વિદ્યાર્થીઓ પ્રકૃતિના તત્ત્વોનો આદર કરતાં શીખશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ નવા શબ્દોની સમજણ મેળવશે.
૨) વિદ્યાર્થીઓ કુદરતી તત્ત્વોમાં થતા ફેરફારની સમજણ મેળવશે.
૩) વિદ્યાર્થીઓ ભાષાકીય ક્ષમતાનો વિકાસ કરશે.
૪) વિદ્યાર્થીઓ વાંચન, લેખન, શ્રવણ અને કથન ક્ષમતાનો વિકાસ કરશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ઋતુચક્ર વિશેનો વીડિયો youtube પર બતાવશે. તેના આધારે અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક દરેક વિદ્યાર્થીને તેમની 'પ્રિય ઋતુ' વિશે ૧૦ વાક્ય લેખન કરવા કહેશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને તેમના વિચારો રજૂ કરવા કહેશે.
૩) વિદ્યાર્થીઓના મહત્ત્વના મુદ્દાને શિક્ષક કાગળ પર લખશે.
૪) શિક્ષક વિદ્યાર્થીઓને પ્રિય ઋતુના આધારે ઋતુ ચક્રનું મહત્ત્વ સમજાવશે.
૫) ઋતુચક્રના આધારે પાઠની સમજૂતી વધુ સ્પષ્ટ કરશે.
૬) આ રીતે શિક્ષક વિદ્યાર્થીઓને પાઠની સાથે સાથે વ્યાકરણની પણ સમજણ આપશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ લેખનશૈલીની પ્રશંસા ૨) ઉત્તમ રજૂઆતની પ્રશંસા
૩) પ્રશંસા સાથોસાથ ખામીઓ સૂચન આપશે

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) વિષય ચર્ચામાં સહભાગી થવું ૩) નવા શબ્દનો ઉચ્ચારણ

## સામાન્ય ખામીઓ

૧) નવા શબ્દના ઉચ્ચારણમાં ખાસ કરીને માત્રામાં સમસ્યા ઉદ્‌ભવે
૨) લેખનશૈલીમાં જોડણીની ભૂલો થાય, ખાસ કરીને સ્વ લેખનમાં

## નિવારણ

૧) વિદ્યાર્થીએ અલગ-અલગ માત્રાવાળા શબ્દોની ઓળખ આપવાની રહેશે.
૨) દરેક વિદ્યાર્થીઓની સામાન્ય ભૂલોને શિક્ષકે શોધીને મહત્ત્વની ભૂલો વાળા શબ્દોને વર્ગના સોફ્ટ બોર્ડ પર લગાવીને તેને પાંચ મિનિટ વાંચન કરાવવું.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ વાર્તાને વિજ્ઞાન અને ભૂગોળ જેવાં વિષય સાથે સાંકળીને સમજણ આપવાથી વધુ સ્પષ્ટતા વિદ્યાર્થીઓ મેળવશે.

## પ્રવૃત્તિ

૧) ઋતુચક્રનો ચાર્ટ બનાવીને તમારા ઘરમાં લગાવો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) ઋતુચક્ર એટલે શું? ૨) ઉનાળામાં કયા કયા ફળો મળે છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) આ વાર્તામાંથી તમને શું શીખવા મળ્યું?
૨) ચોમાસામાં ગંદકીનું સામ્રાજ્ય કેમ ફેલાય છે? તે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'વર્ષાઋતુને ઋતુઓની રાણી' કેમ કહી છે? ૨) નિસર્ગભાઈ વિશે ફકરો લખો.

## ગૃહકાર્ય

- તમારી પ્રિય ઋતુનું ચિત્ર બનાવો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેના વાદળમાં ત્રણ ઋતુઓનાં વર્ણન વિશે બે વાક્ય લખો.**



**પ્ર.૨ સમાનાર્થી શબ્દ લખો.**

૧) વરસાદ ૨) સંતાન ૩) ચરણ ૪) શીશ ૫) સદા

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ ક્યારે (કઈ ઋતુમાં) ઉપયોગ કરશો ?**

૧) સ્વેટર ૨) ટોપી ૩) છત્રી ૪) રેઈનકોટ ૫) ચશ્માં ૬) ગમબૂટ

**પ્ર.૨ નીચેના ચોરસમાં તમને ગમતી ઋતુનું ચિત્ર બનાવો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો.**

૧) ઉનાળાભાઈ સૂર્યદેવની ગરમીથી કંટાળી ગયા હતા માટે તેઓ ઋતુઓની રાણી વર્ષારાણીને બોલાવવા માંગતા હતા.

૨) વરસાદ વરસવાથી સૃષ્ટિના જીવોએ હાશનો શ્વાસ લીધો.

૩) વરસાદ વરસવાથી થતા કાદવ - કીચડના કારણે ગંદકી, રોગચાળાનો ત્રાસ વધી ગયો હતો, એટલે નિસર્ગભાઈ શિયાળાભાઈને બોલાવવા ગયા.

૪) લોકો ઠંડીના કારણે બહાર નીકળતા નથી. ઘરકોરની જેમ ઘરમાં ભરાઈ રહે છે. માટે શિયાળાભાઈએ ઉનાળાભાઈને ઈ-મેલ કર્યો હતો.

૫) પાઠમાં ચારેય ભાઈઓ પ્રકૃતિ માતા પાસે દોડી તેમના ચરણોમાં શીશ ઝુકાવીને પ્રકૃતિ માતાના આશીર્વાદ મેળવે છે.

૬) મને સૌથી વધુ ઉનાળો ગમે છે. કારણ કે ઉનાળામાં મને શાળામાં રજા હોય છે. મને ઠંડા પીણા અને આઈસ્ક્રીમ ખાવાની મજા આવે છે.

**જ.૨ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧) આ પાઠમાં ઋતુઓની વાત કરવામાં આવી છે.

૨) સૂર્યદેવતાની ૪૦-૪૨ ડીગ્રી ગરમીથી ઉનાળાભાઈ કંટાળી ગયા હતા.

૩) નિસર્ગભાઈને ચોમાસાભાઈએ ભીંજવી કાઢ્યા હતા.

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) કુદરત ૨) ગતિ ૩) સાદ ૪) ઉત્તર ૫) ચરણ

**જ.૪ વિરોધી શબ્દ લખો.**

૧) સવાલ ૨) ઠંડી ૩) અંદર ૪) રાત ૫) રાજા

**જ.૫ નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો.**

૧) નિસર્ગભાઈ ૨) ઉનાળાભાઈ ૩) શિયાળાભાઈ

**જ.૬ સાચી જોડણી શોધીને લખો.**

૧) નિસર્ગ ૨) પ્રકૃતિ ૩) શીશ ૪) પ્રગતિ

૫) આશીર્વાદ ૬) સૃષ્ટિ

**જ.૭ વિશેષણને ઓળખી તેનો ક્રમાંક ખાનામાં લખો.**

૧) ૧ ૨) ૧ ૩) ૧ ૪) ૪ ૫) ૧

૬) ૧ ૭) ૨ ૮) ૨

**જ.૮ કહો કોણ ?**


૧) ઉનાળાભાઈ ૨) ચોમાસાભાઈ ૩) શિયાળાભાઈ

૪) ધરતી માતા ૫) કુદરતી

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચેના વાદળમાં ત્રણ ઋતુઓનાં વર્ણન વિશે બે વાક્ય લખો.**

(વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.)



**જ.૨ સમાનાર્થી શબ્દ લખો.**

૧) વર્ષા ૨) પુત્ર કે પુત્રી ૩) પગ ૪) મસ્તક ૫) હંમેશાં

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ ક્યારે (કઈ ઋતુમાં) ઉપયોગ કરશો ?**

૧) શિયાળો ૨) ઉનાળો ૩) ચોમાસું ૪) ચોમાસું

૫) ઉનાળો ૬) ચોમાસું

**જ.૨ નીચેના ચોરસમાં તમને ગમતી ઋતુનું ચિત્ર બનાવો.**

# ૧૨ ફૂલોનો ફેશન શો

## કાવ્યની રૂપરેખા

**ફૂલોનો ફેશન શો**

(૧) કાવ્યમાં ફૂલોનાં ફેશન શોનું આયોજન થયું છે.

(૨) ફેશન શોમાં દરેક ફૂલો રંગબેરંગી વસ્ત્ર પહેરી લટકમટક ચાલે ચાલી રહ્યા છે.

(૩) લાલ રંગનું ગુલાબ કેપટોપ પહેરીને આવ્યું હતું.

- પાટલૂન પહેરીને ગલગોટો આવ્યો હતો.
- કેપ્રી પહેરીને કમળ આવ્યું.
- કેસરિયો સાફો પહેરીને ચંપો ચાલે.
- મોગરો મેકઅપ કરીને આવ્યો.

(૪) ચમેલી અને જાસૂદ ચણિયા ચોળી પહેરીને આવ્યા હતા.

- સ્લેક્સમાં સૂર્યમૂખીનું ફૂલ આવ્યું હતું.

(૫) ફૂલોનો ફેશન શો જોઈને થયા સહુ આનંદિત.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ફૂલોની ઉપયોગીતા વિશે સમજણ મેળવશે.

૨) વિદ્યાર્થીઓ ફૂલોના ઉપયોગને સમજશે.

૩) વિદ્યાર્થીઓ ફૂલોના અલગ અલગ નામો અને તેની વિશિષ્ટતાની સમજણ મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ફૂલો દ્વારા આધુનિક પહેરવેશની સમજણ મેળવશે.

૨) વિદ્યાર્થીઓ નવા શબ્દનો પરિચય મેળવશે.

૩) વિદ્યાર્થીઓ ગાન શૈલીનો વિકાસ કરશે.

## અભિપ્રેરણા

૧) વિદ્યાર્થીઓને શિક્ષક અલગ અલગ ફૂલોના ફોટા બતાવીને તેમના ગુજરાતી નામોની સમજણ આપશે. તેમને અજ્ઞાન થી જ્ઞાન તરફ લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

- શિક્ષક વિદ્યાર્થીઓને અલગ અલગ ફૂલોનાં મોહરા (Mask) બનાવડાવશે.

**ઉ.દા.** : ગુલાબ, સૂરજમુખી, ચમેલી વગેરે

૧) શિક્ષક વિદ્યાર્થીઓને એક કલાક મોહરા બનાવડાવશે.

૨) શિક્ષક દરેક વિદ્યાર્થીઓને ચાર સમૂહમાં વિભાજિત કરશે.

૩) વિદ્યાર્થીઓ સમૂહમાં અલગ અલગ ફૂલોના મોહરા અને કાવ્ય અનુસાર કપડાં પહેરીને વર્ગમાં ફેશન શો કરશે.

૪) શિક્ષક વિદ્યાર્થીઓને ફેશન શોના આધારે કાવ્યની સમજણ આપશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ મહોરા બનાવટ
૨) ઉત્તમ ફેશન શોની ચાલની (વોકની) પ્રશંસા
૩) ઉત્તમ અભિનયની પ્રશંસા
૪) સૂચના અને ખામીઓનું નિવારણ

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ
૨) ઉત્તમ ગાનની ચર્ચા
૩) ફેશન શોમાં સહભાગી

## સામાન્ય ખામીઓ

૧) વિદ્યાર્થીઓ ફેશન શો કરતી વખતે શરમ અનુભવે.
૨) વિદ્યાર્થીઓને મોહરા બનાવટ કરતી વખતે સમસ્યા ઉદ્‌ભવે.

## નિવારણ

૧) વિદ્યાર્થીઓને ફેશન શો માં પ્રૅક્ટિસ કરાવવી એટલે શરમ ન અનુભવે.
૨) શિક્ષક મોહરા બનાવટમાં જરૂર પડે મદદ કરશે.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) શિક્ષક વિજ્ઞાન વિષય સાથે સાંકળીને ફૂલોના ભાગોની ચર્ચા કરી શકશે.

## પ્રવૃત્તિ

૧) તમને ગમતા કોઈ પણ બે ફૂલોના ચિત્ર બનાવો.

## રચનાત્મક અભિગમ

### સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) ફેશન શો એટલે શું?
૨) સાફો આપણે ક્યારે ક્યારે પહેરીએ છીએ?

### મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) આધુનિક પોશાકનાં નામ લખો.
૨) કોઈ પણ પાંચ પારંપરિક વસ્ત્રોનાં નામ લખો.

### ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.
૨) કાવ્યમાંથી સંજ્ઞા શોધીને લખો.

## ગૃહકાર્ય

તમારા ઘરના સભ્યોને ગમતાં ફૂલોની યાદી તમારી નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) ક્યાં ફૂલનો જોટો નહીં જડે? ૨) કમળ શું પહેરીને આવ્યું અને સાથે કોને લાવ્યું?

૩) સૌના હોશ કેમ ગુલ થયા હતા?

**પ્ર.૨ ફૂલના ઉપયોગ વિશે તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) કાવ્યમાં ફૂલોના ફેશન શોનું આયોજન થયું હતું.

૨) ફૂલો રંગબેરંગી વસ્ત્રો પહેરીને આવ્યા છે.

૩) ફૂલો લટકમટક એક પછી એક ચાલે છે.

૪) ગુલાબ મીઠી મધુરી સુગંધ લાવ્યું.

૫) મોગરો મેક-એપ કરીને મસ્ત બનીને મ્હાલે છે.

૬) સહુ ફૂલોના ફેશન શો જોઈને ખુશખુશાલ થયા હતા.

**જ.૨ કાવ્ય પંક્તિમાં ખૂટતા શબ્દો મૂકો.**

૧) ચણિયાચોળીમાં ચમેલી અને જાસૂદ આવ્યા. ૨) જોનારના મન મોહી લીધા.

૩) વન, ટુ, થ્રી, ફોર લેટ્સ ગો લેટ્સ ગો. ૪) આ છે ફૂલોનો ફેશન શો.

**જ.૩ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.**

(૧-૪), (૨-૩), (૩-૨), (૪-૧)

**જ.૪ કોણ તે કહો ?**

૧) સૂર્યમુખી ૨) ચંપો ૩) મોગરો ૪) ગુલાબ

૫) ચમેલી ૬) કમળ ૭) રાતરાણી

**જ.૫ નીચેની બરણીમાં છોડની ઊગવાની પ્રક્રિયા આપી છે તેનું નિરીક્ષણ કરી તે વિશે લખો.**

૧) સૌપ્રથમ મે એક બીને જમીનની અંદર વાવ્યું હતું.

૨) થોડા દિવસ તેને સવાર-સાંજ પાણી આપ્યું.

૩) જેના પરિણામ સ્વરૂપ તેના મૂળિયામાં વધારો થયો સાથો-સાથ તેના ઉપર પાન આવવાની પ્રક્રિયા શરૂ થઈ.

૪) થોડા દિવસ મેં તેને પાણી સાથો-સાથ ખાતર આપ્યું.

૫) જેના પરિણામ સ્વરૂપે બીએ છોડ સ્વરૂપે રૂપ ધારણ કર્યું.

**નીચેના રંગનાં ફૂલોનાં નામ લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | લાલ રંગના | - | ગુલાબ | જાસૂદ |
| ૨) | પીળા રંગના | - | સૂર્યમુખી | ગલગોટા |
| ૩) | ગુલાબી રંગના | - | કમળ | ગુલાબ |
| ૪) | સફેદ રંગના | - | ચંપો | મોગરો |

**વિશેષણ**

**નીચેના કોઠામાં ફૂલો માટેના અમુક વિશેષણ છૂપાયેલા છે તે શોધો અને વાક્ય બનાવો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મે | ન | ગો | પ્રી | ર | ળી | ગો |
| વ | ક્સ | ઝા | ક | મ | ઝો | ળ |
| ળી | ચ | સું | લૂ | સૂ | લ્યો | ન |
| ણિ | ર | દ | વ | હે | મે | લ |
| સ્લે | પ | ર | ળી | પ | ચ | પ્રી |
| ચ | રં | ગ | બે | રં | ગી | ણિ |
| સૂ | મે | ગો | લ | લૂ | વ | ન |
| પ્રી | ન | સું | ગ | ધી | ત | પ |
| પ | ગુ | લા | બી | લ્યો | પ | સ્લે |
| ર | ગો | ણિ | લ | ળી | સૂ | ચ |

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) પીળા ગલગોટાના ફૂલનો જોટો નહીં જડે.
૨) કમળ કેપ્રી પહેરીને આવ્યું અને સાથે જાઈ જૂઈને લાવ્યું.
૩) સૌના હોશ સ્લેક્સમાં સૂર્યમુખીના ફૂલને જોઈને ગુલ થયા હતા.

**જ.૨ ફૂલના ઉપયોગ વિશે તમારા શબ્દમાં ૧૦ વાક્ય લખો.**

૧) ફૂલનો ઉપયોગ પ્રભુની પૂજામાં થાય છે.
૨) ફૂલનો ઉપયોગ ઘરને શણગારવામાં થાય છે.
૩) ફૂલના હાર અને તોરણ બનાવવામાં આવે છે.
૪) ફૂલના પાનથી વિવિધ શરબત બનાવવામાં આવે છે.
૫) ફૂલના રસમાંથી વિવિધ અત્તર બનાવવામાં આવે છે.
૬) ફૂલની તહેવારોમાં રંગોળી બનાવવામાં આવે છે.
૭) વિવિધ ફૂલોના રંગબેરંગી બાગ બનાવવામાં આવે છે.
૮) ફૂલોનો ઉપયોગ કરી પ્રભુનો કલાત્મક શણગાર કરવામાં આવે છે.
૯) ફૂલના રસનો ઉપયોગ ઔષધિ તરીકે પણ કરવામાં આવે છે.
૧૦) ફૂલોની કલાત્મક માળા પણ બનાવવામાં આવે છે.

# ૧૩ ચાલો, આંબાવાડીની સફરે

## પાઠની રૂપરેખા

**ચાલો, આંબા વાડીની સફરે**

(૧) બાળકો બપોરના સમયે ગરમીથી બચવા લેપટોપ પર મામાના ઘરના ફોટા મિત્ર મંડળને બતાવી રહ્યા હતા.

(૨) આંબાવાડી વલસાડ જિલ્લાના પાલીધૂંયા ગામે ૧૦ એકરમાં ૪૫૦ આંબાના વૃક્ષોથી ફેલાયેલી છે.

(૩) જ્યાં બહુ બધા વૃક્ષો હોય છે. અલગ-અલગ પ્રકારની આંબાની જાત હોય છે તેને આંબાવાડી કહે છે.

(૪) • બેરણી નામના સાધનથી કેરી પાડે
• સારી કેરી વેપારીઓને મુંબઈ કે અમદાવાદ મોકલવામાં આવે છે.
• કેનીંગની ફેકટરીની મુલાકાતે જાવું.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ આમ્રફળનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ આંબાની અલગ અલગ જાતનું મહત્ત્વ સમજશે.
૩) વિદ્યાર્થીઓ આંબાવાડીથી કેરીની વેપારી સુધીની સફરને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ અલગ અલગ કેરીના નામનો પરિચય મેળવશે.
૨) વિદ્યાર્થીઓની ભાષાકીય ક્ષમતાનું જ્ઞાન વધશે.
૩) વિદ્યાર્થીઓ નવા શબ્દોનો પરિચય મેળવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને youtube પર કેરીની ફળ સ્વરૂપની સફરને બતાવશે. જેથી વિદ્યાર્થીઓ તેમની કલ્પના અને ભાષાકીય ક્ષમતામાં વધારો કરશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને અલગ અલગ સમૂહમાં વિભાજિત કરશે.
૨) દરેક સમૂહને પાઠના નાના નાના અંશો કે ફકરાઓ આપશે.
૩) દરેક સમૂહને ફકરાનું વાંચન કરીને તેનું ચિત્ર બનાવવાનું રહેશે.
૪) દરેક સમૂહમાંથી વિદ્યાર્થીઓએ ફકરાની ચિત્રવાર્તા સ્વરૂપે રજૂઆત કરવાની રહેશે.

૫) શિક્ષક મદદ કર્તાની ભૂમિકા ભજવશે.
૬) વિદ્યાર્થીઓ સ્વઅધ્યયનથી પાઠની રજૂઆત કરશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ ચિત્રવાર્તાની પ્રશંસા
૨) ઉત્તમ રજૂઆતની પ્રશંસા
૩) સૂચના અને ખામીઓનું નિવારણ

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) ચિત્રવાર્તાનું મૂલ્યાંકન
૨) સમૂહકાર્યનું મૂલ્યાંકન

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) ભૂગોળ અને ઈતિહાસ જેવાં વિષયને સાંકળી ફળનો ઈતિહાસ, આબોહવા, પાક વગેરેની સમજણ આપી શકશે.

## સામાન્ય ખામીઓ

૧) વિદ્યાર્થીઓને ચિત્રવાર્તા બનાવતી વખતે ચિત્રની બનાવટમાં કે લેખનમાં સમસ્યા ઉદ્ભવે.
૨) વાક્યરચનામાં ભૂલો ઉદ્ભવે.

## નિવારણ

(૧) જ્યારે જ્યારે સમસ્યા ઉદ્ભવે ત્યારે શિક્ષિકા મદદ કરીને તેનું નિવારણ કરી શકશે.

## પ્રવૃત્તિ

૧) કેરીના ચિત્રને પેપર કોલાર્જની મદદથી બનાવો.

## રચનાત્મક અભિગમ

### સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) લેપટોપ તમને કઈ રીતે ઉપયોગી છે તે લખો?
૨) દેશી રમતોનાં નામ લખો.

### મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) ઈ-મેલનો ઉપયોગ તમે ક્યારે અને કેવી રીતે કરો છો?
૨) વિદેશી રમતોનાં નામ લખો.

### ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) પાઠને તમારા શબ્દમાં લખો.
૨) પાઠમાં વપરાયેલા પાંચ નવા શબ્દો શોધી વાક્ય બનાવો.

## ગૃહકાર્ય

રત્નાગીરી જિલ્લાની આંબાની જાતની યાદી બનાવી તમારી નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.**

૧) મામાની વાડી કેટલા એકરની છે? વાડીમાં કેટલા આંબાનાં ઝાડ છે?

૨) કોઈ પણ પાંચ આંબાની જાત લખો.

૩) માણસો ઝાડ પરથી કેરી કેવી રીતે પાડે છે?

**પ્ર.૨ વિચારીને લખો.**

૧) ફળ ખાવાથી થતાં ફાયદા તમારા શબ્દમાં લખો.

**પ્ર.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) મમ્મી ૨) સફર

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ વિરોધી શબ્દ લખો.**

૧) આનંદ ૨) મુખ્ય

**પ્ર.૨ વર્ણવિચ્છેદ કરો.**

૧) વલસાડ ૨) મામા ૩) વાડી

**પ્ર.૩ શબ્દાર્થ :**

૧) તાપ ૨) મામા ૩) ગામડું

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો.**

૧) વૅકેશનમાં બાળકો મામાના ઘરે રહીને પાછા આવ્યા હતા.

૨) રાધા અને રાજાના મામાનું ઘર વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પાલીધૂંયા ગામે આવેલું છે.

૩) જ્યાં બહુ બધા આંબાના વૃક્ષ હોય છે, તેનાં પર ફળ સ્વરૂપે કેરી આવે છે. તેને આંબાની વાડી કહેવાય છે.

૪) બાળકો મામા સાથે આંબા વાડીએ ગયા હતા. બાળકો આંબાવાડીમાં ફરવા માટે ગયા હતા.

**જ.૨ પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં લખો.**

૧) સોસાયટીમાં ૨) ઉમરગામ તાલુકામાં ૩) કેસર ૪) બેરણી

૫) હાફૂસ ૬) મુંબઈ કે અમદાવાદ

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) ટોળી ૨) ઝાડ, તરુ ૩) નવાઈ ૪) પ્રખ્યાત ૫) ધંધો

**જ.૪ વિરોધી શબ્દ લખો.**

૧) ઉત્તર ૨) ઉતરવું ૩) નીચે ૪) સાંજ

**જ.૫ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) આંબા વાડીએ કેરીના વૃક્ષ હોય છે. ૨) આંબો અલગ અલગ પ્રકારનો હોય છે.

૩) મને સફરજનનું ફળ ભાવે છે. ૪) બેરણીનો ઉપયોગ કરી કેરીના ફળ પાડવામાં આવે છે.
૫) મારા પિતાનો કેરીનો વ્યવસાય છે.

**જ.૬ વિચારીને કહો તમે શું કરશો**

- સૌથી પહેલા હું પ્રાથમિક ઉપચાર શોધીને ઉપચાર કરવાનો પ્રયત્ન કરીશ.
- મામાને કે મોટા વડીલને સૌથી પહેલા દોડીને બોલાવવાનો પ્રયત્ન કરીશ.
- મારા હાથમાં મોબાઈલ હશે તો ૧૦૮ નંબર પર ફોન કરીને ઍમ્બ્યુલન્સ બોલાવીશ.

**જ. કલ્પનાની પાંખે**

- મામા સાથે અલગ અલગ કેરીની સમજણ મેળવી હતી.
- કેરીને ઝાડ પરથી બેરણી નામના સાધનથી પાડી હતી. સારી-સારી કેરીને વેપારીઓ પાસે મોકલી હતી.
- મામા સાથે લોકલ વેપારી પાસે કેરી આપવા ગયા હતા.
- મામા સાથે છેલ્લા દિવસે કેનિગમાં ગયા હતા.

**જ.૭ નીચેના શબ્દોનો ઉપયોગ કરીને આંબા વિશે લખો.**

૧) આંબાનું વૃક્ષ ઘટાદાર હોય છે.
૨) આંબાના વૃક્ષ ખેતરમાં ઊગાડવામાં આવે છે.
૩) આંબાના પાનનો ઉપયોગ પૂજામાં કરવામાં આવે છે.
૪) આંબાના ફળને શરૂઆતમાં મો'ર આવે છે.
૫) આંબાના ફળનો રંગ લીલો અને પીળો હોય છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.**

જ. મામાની વાડી ૧૦ એકરની છે. તેમાં ૪૫૦ થી વધુ આંબાનાં ઝાડ છે.
જ. રાજાપુરી, હાફુસ, કેસર, બાટલી, તોતાપુરી.
જ. માણસો ઝાડ પર ચડીને બેરણી નામના સાધનનો ઉપયોગ કરીને કેરી પાડે છે.

**જ.૨ વિચારીને લખો.**

૧) ફળ ખાવાથી થતાં ફાયદા તમારા શબ્દમાં લખો. (વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.)

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) મા, માતા ૨) મુસાફરી

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ વિરોધી શબ્દ લખો.**

૧) શોક ૨) ગૌણ

**જ.૨ વર્ણવિચ્છેદ કરો.**

૧) વ્ + અ + લ્ + અ + સ્ + આ + ડ્ + અ
૨) મ્ + આ + મ્ + આ
૩) વ્ + આ + ડ્ + ઈ

**જ.૩ શબ્દાર્થ :**

૧) ગરમી ૨) મમ્મીના ભાઈ ૩) ગામ

# ૧૪ તુલસી

## કાવ્યની રૂપરેખા

તુલસી → વૃંદા

(૧) કવિએ પોતાના ઘરના આંગણમાં તુલસીનો છોડ ક્યારામાં વાવ્યો છે.

(૨) કવિને પોતાના પ્રાણથી પણ પ્યારો છે તુલસીનો છોડ. તેમની દાદી તુલસી છોડની પૂજા કરે છે.

(૩) અનેક રોગોના ઉપચારમાં કવિનો તુલસી કેરો છોડ ખૂબ ઉપયોગી છે.

(૪) તુલસીના છોડમાં કવિને પ્રભુ રણછોડનો વાસ દેખાય છે.
• સત્ય નારાયણની પૂજામાં જરૂરી છે તુલસીનું પાન.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ તુલસીની ઉપયોગીતાને સમજશે.
૨) વિદ્યાર્થીઓ તુલસી અને બીજા છોડની ઉપયોગીતા વચ્ચેનો ભેદ સમજશે.
૩) વિદ્યાર્થીઓ છોડના પાનનો ઉપચાર તરીકે ઉપયોગ કરવો તેની સમજણ મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્યગાનનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ કાવ્યમાં વપરાયેલા નવા શબ્દનું મહત્ત્વ સમજશે.
૩) વિદ્યાર્થીઓ કાવ્યનો ભાવાર્થ સ્વભાષામાં વર્ણવી શકશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને અલગ-અલગ છોડના પાનનો ઘરેલું ઉપચાર તરીકે ઉપયોગ કરવો તેની સમજણ આપશે.

## શિક્ષણ પ્રવૃત્તિ - કાવ્ય પપેટ

- શિક્ષક રંગલો અને રંગલીનું હાથનું નાનું પપેટ બનાવશે.
- શિક્ષક આ પપેટની મદદથી વિવિધ પ્રશ્નો પૂછશે.

૧) તમને શરદી થાય ત્યારે મમ્મી કયા કયા ઘરેલું ઉપચાર કરે છે.
૨) આદુનો ઉપયોગ ક્યારે-ક્યારે કરો છો?
૩) લીમડાના પાનનો ઉપયોગ ક્યારે-ક્યારે કરો છો? વગેરે પપેટ દ્વારા પૂછવું.

- આમ પ્રશ્નોના જવાબના આધારે કાવ્યની સમજૂતીની સમજણ આપવી.
- કાવ્ય પપેટની મદદથી કાવ્યનું ગાન કરાવવું.

- પપેટની મદદથી ચર્ચા અને પ્રશ્નોત્તરી પદ્ધતિની મદદથી કાવ્યની સમજણ આપવી.
- શિક્ષકે ખાસ કરીને નબળા વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછીને બોલવા પ્રોત્સાહીત કરવા.

## પ્રતિભાવ

૧) ઉત્તમ જવાબની પ્રશંસા   ૨) ઉત્તમ ચર્ચાની પ્રશંસા   ૩) ઉત્તમ પપેટ ઉપયોગીની પ્રશંસા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) કાવ્યગાનનું મૂલ્યાંકન   ૨) જવાબનું મૂલ્યાંકન   ૩) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ

## સામાન્ય ખામીઓ

૧) કાવ્ય ગાનમાં યોગ્ય રીતે કાવ્યનું ગાન ન થવું.   ૨) ચર્ચામાં શબ્દ કે વાક્યની રચનામાં ઉદ્ભવવી.

## નિવારણ

૧) કલાકની શરૂઆતની પાંચ મિનિટ કે અંતની પાંચ મિનિટમાં કાવ્યનું ગાન સતત અઠવાડિયું કરાવવાનું રહેશે.

૨) શિક્ષકે સોફ્ટબોર્ડ પર કાવ્ય આધારિત શબ્દને લગાવવાના રહેશે. જેથી વિદ્યાર્થીઓ તેનું ઉચ્ચારણ સરળતાથી કરી શકશે.

## અંતઃ વિષય દષ્ટિકોણ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ જેવા વિષયો સાથે સાથે પૌરાણિક કથાઓને સાંકળી તે વિશે વધુ સમજણ આપી શકશે.

## પ્રવૃત્તિ

૧) તુલસીના છોડના પાંચ જુદા જુદા નામ લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) કોઈ પણ પાંચ છોડના નામ લખો.   ૨) પ્રભુ રણછોડના પાંચ નામ લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) રણછોડના પાંચ ભક્તોના નામ લખો.

૨) તુલસી પાનનો ઉપચારમાં કેવી રીતે ઉપયોગ કરશો તે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) સત્યનારાયણની પૂજામાં શા માટે તુલસીનું પાન અનિવાર્ય છે? તે લખો.

૨) કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.

## ગૃહકાર્ય

૧) વિદ્યાર્થીઓ તેમના ઘરની આજુબાજુ ઊગેલા છોડનું નિરીક્ષણ કરી કોઈ પણ એક છોડ વિશે માહિતી નોંધપોથીમાં લખશે.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેની કાવ્ય પંક્તિનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.**

૧) શરદી, સળેખમ, તાવ જાય ભાગી
જોઈ તુલસી કેરું પાન.

૨) મારા આંગણીયે મેં વાવ્યો છે
તુલસી કેરો છોડ.

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ તુલસી જેવાં બીજા કયાં કયાં છોડ આપણને ખૂબ ઉપયોગી છે? કોઈ પણ ત્રણ છોડ વિશે લખો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ. ૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) કવિએ તુલસીનો છોડ કયારામાં ઉછેર્યો છે. ૨) સત્યનારાયણની પૂજામાં તુલસી અનિવાર્ય છે.
૩) તુલસીના છોડમાં કવિએ રણછોડ દીઠા છે.
૪) તુલસીનુ પાન શરદી, સળેખમ અને તાવ જેવી બીમારીઓમાં ઉપયોગી છે.
૫) તુલસીનો છોડ અનેક રોગોના ઉપચાર માટે ફાયદાકારક છે.

**જ.૨ કાવ્યપંક્તિની ખાલી જગ્યા પૂરો.**

૧) સત્યનારાયણની પૂજામાં અનિવાર્ય છે. ૨) અનેક રોગનો ઉપચાર છે.
૩) તુલસી ક્યારામાં ઉછેર્યો છે.

**જ.૩ એકાદ-બે વાક્યો તમારા શબ્દોમાં લખો.**

૧) **રણછોડ** - ડાકોરમાં રણછોડ પ્રભુ બિરાજે છે.
૨) **આંગણું** - મારા આંગણામાં તુલસીનો છોડ છે.
૩) **પૂજા** - હું રોજ સવારે પ્રભુની પૂજા કરું છું.

**જ.૪ નીચે આપેલા ચિત્રને ઓળખો અને તેનો ઉપયોગ લખો.**

૧) **આદુ** - આદુ રસ પીવાથી ઉધરસમાં રાહત મળે છે.
૨) **લીંબુ** - લીંબુનું શરબત પીવાથી ઉનાળામાં ઠંડક મળે છે.
૩) **તુલસી** - તુલસીના પાનનો ઉકાળો પીવાથી શરદીમાં રાહત મળે છે.
૪) **લીમડો** - લીમડાના પાનનો રસ પીવાથી આપણું શરીર સ્વસ્થ રહે છે.

**જ.૫ સમાનાર્થી શબ્દ લખો.**

૧) પ્રાણ ૨) સારવાર ૩) તુલસી ૪) શ્રીકૃષ્ણ

**જ.૬ વિરોધી શબ્દ લખો.**

૧) અડખામણો ૨) અનુપયોગી ૩) એક

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચેની કાવ્ય પંક્તિનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.**

**૧)** આ કાવ્ય પંક્તિ તુલસી કાવ્યમાંથી લેવામાં આવી છે. તેના કવિ નિમેષ નાયક છે. આ કાવ્યપંક્તિમાં કહેવામાં આવ્યું છે કે, તુલસી પાનને આરોગવાથી શરદી અને તાવ જેવી બીમારીઓ ભાગી જાય છે.

**૨)** આ કાવ્ય પંક્તિમાં કહેવામાં આવ્યું છે કે, અહીં બાળકે તેના આંગણામાં તુલસીનો છોડ ખૂબ પ્રેમથી ઉછેર્યો છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.**

# ૧૫ કમ્પ્યૂટર

## કાવ્યની રૂપરેખા

**કમ્પ્યૂટર**
↓
**સંગ્રહક યંત્ર**

(૧) કમ્પ્યૂટરનું મશીન નાનકડું છે. પણ ઝટપટ ઝટપટ કામ કરે છે.

(૨) દરેક માહિતી પળભરમાં શોધી આપે છે. દરેક ઘરમાં કમ્પ્યૂટરે હૃદય સમાન સ્થાન લીધું છે.

(૩) દરેક જગ્યાએ જેમ કે શાળા અને ઑફિસમાં સ્થાન લઈને દરેક જાણકારી મેળવી આપી છે.

(૪) દરેક ભાષા કમ્પ્યૂટર સમજે છે – ક્યારેય પણ થાકતું નથી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કમ્પ્યૂટરના મહત્ત્વને સમજશે.
૨) વિદ્યાર્થીઓ કમ્પ્યૂટરના ફાયદા અને ગેરફાયદા વચ્ચેનો ભેદ સમજશે.
૩) વિદ્યાર્થીઓ કમ્પ્યૂટરના અલગ-અલગ અંગોનું મહત્ત્વ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરતા શીખશે.
૨) વિદ્યાર્થીઓ ભાષાકીય ક્ષમતાનો વધારો કરશે.
૩) વિદ્યાર્થીઓ નવા શબ્દોનો પરિચય મેળવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે કમ્પ્યૂટરના અલગ-અલગ અંગોની ચર્ચા કરીને અજ્ઞાન થી જ્ઞાન તરફ વિદ્યાર્થીઓને લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે ‘૨૧મી સદીમાં કમ્પ્યૂટરના ફાયદા અને ગેરફાયદા’ વિષય પર ચર્ચા કરાવશે.
૨) ચર્ચા માટે વિદ્યાર્થીઓને અલગ અલગ સમૂહમાં વિભાજિત કરશે.
૩) ચર્ચાના મુદ્દાની તૈયારી માટે શિક્ષક વિદ્યાર્થીઓને એક કલાકનો સમય આપશે.
૪) સમૂહમાં દરેક વિદ્યાર્થીઓ ચર્ચા કરવા તૈયાર રહેશે.
૫) શિક્ષક વિદ્યાર્થીઓની ચર્ચાના આધારે તેમને કાવ્યની સમજૂતી પણ સમજાવશે.
૬) આમ ચર્ચાના આધારે કાવ્યની સમજૂતી સ્વઅધ્યયનની મદદથી મેળવશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ ચર્ચાની પ્રશંસા
૨) મુદ્દાની રજૂઆતની પ્રશંસા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) ચર્ચાના મુદ્દાની રજૂઆત ૩) ભાષાકીય ક્ષમતા

## સામાન્ય ખામીઓ

૧) ચર્ચાના મુદ્દાઓ લખતી વખતે અમુક ગુજરાતી શબ્દોમાં સમસ્યા ઉદ્‌ભવવી.

## નિવારણ

૧) વિદ્યાર્થીઓ શિક્ષકની મદદથી ઉદ્‌ભવતી સમસ્યા અને શબ્દોનું નિવારણ કરશે.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને કમ્પ્યૂટરના શોધક વિશેના ઈતિહાસને ઈતિહાસ વિષય સાથે આવરીને સમજણ આપશે.

## પ્રવૃત્તિ

૧) વિદ્યાર્થીઓ તેમના ગમતાં કોઈ પણ એક કમ્પ્યૂટરના અંગ વિશે ચિત્ર બનાવી તેના વિશે પાંચ વાક્ય લખશે.

## રચનાત્મક કાર્ય

### સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) 'ક' થી શરૂઆત થતા ત્રણ સાધનનાં નામ લખો. ૨) કમ્પ્યૂટરના શોધકનું નામ લખો.

### મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) માઉસના શોધકનું નામ લખો. ૨) કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.

### ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'કમ્પ્યૂટર' શબ્દનો ઉપયોગ કરી શબ્દગાડી બનાવો.

૨) 'ઔ' શબ્દનો ઉપયોગ કરી પાંચ શબ્દ બનાવો.

## ગૃહકાર્ય

૧) અલગ અલગ કમ્પ્યૂટર બનાવતી કોઈ પણ પાંચ કંપનીના નામ શોધીને તમારી નોંધ પોંથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર. ૧ કમ્પ્યૂટરના જુદા જુદા અંગો વિશે લખો.**

૧) માઉસ ૨) સી.પી.યુ. ૩) મોનીટર ૪) પ્રિન્ટર ૫) પેનડ્રાઈવ

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) આ કાવ્યમાં કમ્પ્યૂટરની વાત કરવામાં આવી છે.
૨) કમ્પ્યૂટર પળભરમાં દેશ-દુનિયાની માહિતી આપે છે.
૩) કમ્પ્યૂટરે આજે દરેક ઘરે-ઘરે સ્થાન લીધું છે.
૪) કમ્પ્યૂટર એક મશીન છે માટે તે થાકતું નથી.
૫) કમ્પ્યૂટર હિંદી, અંગ્રેજી, ગુજરાતી દરેક ભાષામાં કામ કરી શકે છે.
૬) (૧) કમ્પ્યૂટર પર દેશ દુનિયાની માહિતી મળી શકે છે.
(૨) કમ્પ્યૂટર પર રમત રમી શકાય છે.
(૩) કમ્પ્યૂટર પર વાર્તા વાંચી શકાય છે.
(૪) કમ્પ્યૂટર પર દેશ-વિદેશના સમાચાર મળી શકે છે.

**જ.૨ કાવ્યમાંથી બે પ્રાસયુક્ત શબ્દ શોધીને લખો.**

૧) ઝટપટ - પટપટ ૨) વપરાતું - આપતું

**જ.૩ વિરોધી શબ્દ લખો.**

૧) વિદેશ ૨) મોટું ૩) નકામું

**જ.૪ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) દેશ - દુનિયાની માહિતી,
શોધી આપે એ પળભરમાં.
સ્થાન લીધું કમ્પ્યૂટરે,
આજે દરેક ઘર - ઘરમાં.

૨) હિંદી હોય કે અંગ્રેજી,
દરેક ભાષા એ સમજી જાય.
ગમે તેટલું કામ આપો,
તોય કદી ન થાકી જાય.

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ કમ્પ્યૂટરના જુદા જુદા અંગો વિશે લખો.**

૧) માઉસ - માઉસ ફાઈલ શોધવામાં મદદ કરે છે.
૨) સી.પી.યુ. - સી.પી.યુ.માં કમ્પ્યૂટરની બધી માહિતી સંગ્રહ થાય છે.
૩) મોનીટર - મોનીટર પર અલગ-અલગ પ્રકારની ફાઈલ હોય છે તેના પર કાર્ય કરી શકાય છે.
૪) પ્રિન્ટર - પ્રિન્ટરની મદદથી જરૂરી કે મહત્ત્વના કાગળની પ્રિન્ટ નીકળે છે.
૫) પેનડ્રાઈવ - પેનડ્રાઈવ કમ્પ્યૂટરનાં અંગમાં નહી આવશે.